RNI No.: GUJGUJ/2014/59295
www.janfariyadnews.com
# ન્યુઝ ઓફ ગાંધીનગર
NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક
E mail - prdpraval@yahoo.co.uk
*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)
*Volume : 7 * Issue No. 125* Date: 03.03.2021 Wendsday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### છ મનપા બાદ જિલ્લા-તાલુકા અને નગરપાલિકાઓમાં ભાજપનો ભગવો લહેરાયો

# ગુજરાતમાં ભાજપ અડીખમ: કોંગ્રેસનો સફાયો



### ગામડાઓમાં ભાજપનું વિજય રોડરોલર ફરી વળ્યું, કોંગ્રેસના સૂપડા સાફ, ૨૩૧ તા.પંચાયતોની ૪૭૭૪ સીટોમાંથી ભાજપને ૩૧૩૯, કોંગ્રેસને ૧૧૭૨ અને આપને ૩૦ બેઠકો મળી

*ગાંધીનગર,તા.૨*

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ભાજપની મોટી જીત થઈ છે. જ્યારે કોંગ્રેસના સૂપડા સાફ થઇ ગયા છે. જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાઓમાં ભાજપ જીતી રહ્યું છે, જ્યારે કોંગ્રેસની કારમી હાર થઈ છે. અમદાવાદમાં જિલ્લા પંચાયતની ચૂંટણીમાં ભાજપની જીત થઈ છે. અમદાવાદ જિલ્લા પંચાયત કબજે કરવા છતાં જિલ્લા પંચાયતનું પ્રમુખપદ ભાજપે ગુમાવ્યું છે. ૨૩૧ તાલુકા પંચાયતોની ૪૭૭૪ બેઠકોમાંથી ભાજપને ૩૧૩૯, કોંગ્રેસને ૧૧૭૨ અને આપને ૩૦ બેઠકો મળી છે. જિલ્લા પંચાયતની વાત કરીએ તો ૯૮૦ જિલ્લા પંચાયત સીટોમાંથી ૭૮૦ ભાજપને ફાળે, કોંગ્રેસને ફાળે ૧૭૦ અને અન્યને ફાળે ૧૧ સીટો આવી છે. જ્યારે નગરપાલિકાની કુલ ૨૭૨૦ બેઠકોમાંથી ભાજપને ૨૧૦૪, કોંગ્રેસને ૧૨૪૦ અને અન્યને ફાળે ૨૧૦ બેઠકો ગઇ છે. અમદાવાદ જિલ્લામાં નગરપાલિકાની ૫૪ બેઠક પર ભાજપની જીત થઈ છે, જ્યારે તાલુકા પંચાયતમાં ભાજપ ૬૧ સીટથી આગળ છે, જ્યારે કોંગ્રેસે ૨૫ અને અપક્ષ ત્રણ બેઠકો પર છે.અમદાવાદ જિલ્લાની બારેજા નગરપાલિકામાં ભાજપે ૨૪ બેઠકોમાં ૨૪ બેઠક મેળવી છે.

અમદાવાદમાં ૧૧ જિલ્લા પંચાયતમાં ભાજપની જીત થઈ છે. ખાસ કરીને હાર્દિકના વતન વિરમગામમાં કોંગ્રેસની હાર થઈ છે અને ભાજપની સાત સીટ પર જીત થઈ છે. અમદાવાદની ૧૩ તાલુકા પંચાયતનું પરિણામ જાહેર થયું છે, જેમાં ૧૧ ભાજપના ફાળે, બે કોંગ્રેસના ફાળે ગઈ છે. ગાંધીનગર જિલ્લા પંચાયત બેઠકમાં અમરાજીના મુવાડા-૨ બેઠક પર ભાજપના પારસબહેન કિરીટસિંહ બિહોલા ૧૦,૩૫૩ મતે વિજયી થયા છે. ગાંધીધામ નગરપાલિકામાં લહેરાયો ભગવો, ૫૨ બેઠકમાંથી ૪૭ બેઠકો પર ભાજપની જીત, ૫ બેઠકો પર કોંગ્રેસના ઉમેદવાર જીત્યા છે. જ્યારે વલસાડ તા.પં.ની કુલ ૩૨ સીટમાં ૨૯ ભાજપ, ૦૨ કોંગ્રેસ અને ૦૧ અપક્ષની જીત થઈ છે. જ્યારે ગાંધીનગર જિલ્લા પંચાયત માં ભાજપે ભગવો લહેરાવ્યો છે. કુલ ૨૮ માંથી ભાજપ ૧૯ કોંગ્રેસ ૯ બેઠક મેળવી છે. ગાંધીનગર સૌ પ્રથમ વાર ભાજપ ને બહુમતી મળી છે.

ભાજપે ભરૂચ, વડોદરા, તાપી, સુરેન્દ્રનગર, વડોદરા, વલસાડ, રાજકોટ, ડાંગ, જામનગર, નવસારી, દાહોદ સહિતની જિલ્લા પંચાયતો કબ્જે કરી છે તો મોરબી, તાલાલા, ઉના, સુત્રાપાડા, ભરૂચ, જંબુસર, અંકલેશ્વર, આમોદ વગેરેમાં સત્તા મેળવી છે. પરિણામોમાં સૌથી વધુ ચોંકાવ્યા હોય તો આમ આદમી પાર્ટીએ. આ પક્ષે ગ્રામિણ વિસ્તારમાં પણ ઉજળો દેખાવ કર્યો છે. આ લખાય છે ત્યારે ૪૬ બેઠક પર આપનો વિજય થયો છે. જ્યારે શહેરો બાદ ગામડાઓમાં પણ કોંગ્રેસને ભારે નુકશાન થયુ છે. ભાજપે આજે કમલમ ખાતે વિજયોત્સવ મનાવ્યો છે. ૨૦૧૫માં ભાજપ ત્રણેય મોરચે પાછળ રહી ગયુ હતુ જે આ વખતે તેણે સફળતા મેળવી છે. સર્વત્ર ભગવો લહેરાવા જઈ રહ્યો છે. કોંગ્રેસના પંજા પર ભાજપનુ બુલડોઝર ફરી વળ્યુ છે. અનેક એવા કોંગ્રેસના ગઢ હતા જે ભાજપે ધ્વસ્ત કરી નાખ્યા છે.

ગુજરાતની ૩૧ જિલ્લા પંચાયત ૨૩૧ તાલુકા પંચાયત તથા ૮૧ નગરપાલિકાની સામાન્ય ચૂંટણી તથા ૨૩ નગરપાલિકાઓ અને ૩ તાલુકા પંચાયતની પેટાચૂંટણી રવિવારે યોજાઇ હતી. તેમાં તાલુકા પંચાયતોમાં સરેરાશ ૬૬.૮૪ ટકા જેટલું મતદાન થયું હતું. ૨૦૧૫માં ૨૩૧ તાલુકા પંચાયતોની ૪૭૧૫ બેઠકમાંથી કોંગ્રેસને ૨૫૫૫ ભાજપને ૨૦૧૯ અને ૧૪૧ અન્યને મળી હતી. ૨૦૧૫માં પાટીદાર આંદોલનને કારણે તાલુકા પંચાયતોમાં ભાજપનો રકાસ થયો હતો.

## આપની એન્ટ્રી, જિલ્લા-તાલુકા અને નગરપાલિકામાં કુલ ૪૬ બેઠકો

*ગાંધીનગર,તા.૨*

સુરત મહાનગર પાલિકાની ચૂંટણીમાં સારી સંખ્યામાં બેઠકો જીત્યા બાદ હવે આમ આદમી પાર્ટી જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાની ચૂંટણીમાં એન્ટ્રી કરી છે. આપની એન્ટ્રી સૌરાષ્ટ્ર, સુરત, સાબરકાંઠામાં ૪૦ બેઠકો સાથે થઈ છે. જેમાં તાલુકા પંચાયતમાં ૧૮ અને પાલિકામાં ૨૨ સાથે આગળ છે. બીજી તરફ જિલ્લા તાલુકા પંચાયત અને પાલિકામાં કમળ જોવા મળી રહ્યુ છે. ૬ મહાનગરો કરતા ગ્રામ્ય વિસ્તારોમાં મતદાન સારું રહ્યું છે.

શહેરોની તુલનામાં પંચાયત અને પાલિકાની ચૂંટણીમાં મતદાન ૧૫ ટકાથી વધુ હતું. જ્યારે પાલિકા માટે સરેરાશ મતદાન ૪૬ ટકા હતું, ત્યારે પંચાયતમાં પાલિકામાં મતદાન ૬૬ ની નજીક હતું. સ્થાનિક નાગરિક ચૂંટણીઓ શાંતિપૂર્ણ રીતે કરવા માટે રાજ્યભરમાં આશરે એક લાખ પોલીસ અને અર્ધલશ્કરી કર્મચારીઓને તૈનાત કરવા પડ્યા હતા.

પોલીસે રાજ્યભરમાં આશરે ૧,૮,૦૦૦ અસામાજિક તત્વો પર અનિયંત્રિત અને શાંતિપૂર્ણ મતદાન કરવા પર પ્રતિબંધ મૂક્યો છે, તે જ ૫૦,૦૦૦ લાઇસન્સ પ્રાપ્ત શસ્ત્રો ચૂંટણી પૂર્વે જમા કરવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં ૮૧ નગરપાલિકાઓ,૩૧ જિલ્લા પંચાયતો અને ૨૩૧ તાલુકા પંચાયતોના ૨૨૧૭૪ ઉમેદવારોનું ભાવિ ઈવીએમથી ખુલશે. રવિવારે ગુજરાતના ૨૩૯૩૨ મતદાન મથકો પર યોજાનારી સ્થાનિક બોડીની ચૂંટણીઓની મતગણતરી ટૂંક સમયમાં શરૂ થશે.

### ૨૦૨૨માં ફરી વખત ભાજપની સરકાર બનશે

## ગુજરાત ભાજપનો ગઢ હતું,છે અને રહેશે: રૂપાણીનો હૂંકાર

**ગુજરાતની જનતાએ વીણી વીણીને કોંગ્રેસનો સફાયો કર્યો, આદિવાસી, ઉત્તર, સૌરાષ્ટ્ર બધે જ ભાજપ આવ્યું છે.**



*ગાંધીનગર,તા.૨*

સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં ભાજપની ઝોળીમાં મોટી સફળતા આવી છે. ૨૦૧૫માં જ્યાં જ્યાં ભાજપની હાર થઈ હતી, તેમાંની મોટાભાગની બેઠકો પર ભાજપનો ભગવો લહેરાયો છે. ત્યારે હવે સફળતા ભાજપના હાથમાં છે. ત્યારે કમલમ ખાતે ભવ્ય ઉજવણી થઈ રહી છે. મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ પહોંચી ગયા છે. જીત બાદ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કહ્યું કે, શહેરોમાં ભાજપ છે, પણ ગામડામાં ભાજપને મત નહિ મળે. પંરતુ શહેરો કરતા પણ સારુ પરિણામ ગામડામાં મળ્યું છે. કોંગ્રેસના પણ અનેક દિગ્ગજો અને ધારાસભ્ય હારી ગયા છે. નિરંજન ભટ્ટ હારી ગયા છે. કોંગ્રેસી નેતાઓના કુટુંબીજનો હારી ગયા છે. ગુજરાતમાં જે રીતે કોંગ્રેસનો સફાયો થયો છે તે બતાવે છે કે ગુજરાત ભાજપનો ગઢ છે. નરેન્દ્રભાઈએ જે રીતે મોસાળમાં મા પીરસે તે રીતે જતન કર્યું છે. આજે ગુજરાતની જનતાનો હું આભારી છું.

તેમણે વધુમાં કહ્યું કે, સીઆર પાટીલની ટીમને અભિનંદન આપું છું. ટીમે જે રીતે પ્લાનિંગ કર્યું તેનો આ વિજય છે. ભૂતકાળમાં કોઈ પણ પાર્ટીને આટલી બધી બેઠકો મળી નથી. આગામી દિવસોમાં ભાજપ ગુરજાતમાં સર્વવ્યાપી સર્વસ્પર્શી વિકાસ કરશે. તમામ લોકોને સાથે લઈને ચાલશે. અમારી જવાબદારી વધી છે. પ્રજાએ પ્રેમ આપ્યો છે. વિશ્વાસ એળે નહિ જાય તેની ખાતરી આપુ છું. ગુજરાતના સપનાઓ પૂરા કરવાના ખાતરી આપું છું. કાર્યકર્તાઓએ પ્રજાનો વિશ્વાસ હજી વધારવાનો છે. ચૂંટાયેલા લોકો એ રીતે કામ કરે. આ વિજયને કાર્યકર્તાઓ વિનમ્રતાથી ઉજવે. પંચાયતોમાં કોંગ્રેસનું ચાલ્યુ હોય તો કાઉન્ટિંગ પણ ન થવા દેત. કોંગ્રેસને પહેલેથી ખબર પડી ગઈ હતી કે, તેમનુ નહિ ચાલે. કોંગ્રેસ ડૂબતી નાવડી છે. આદિવાસી, ઉત્તર, સૌરાષ્ટ્ર બધે જ ભાજપ આવ્યું છે. આદિવાસી વિસ્તોરમાં પણ જનતા ભાજપ સાથે છે. ગયા વખતે જે કચાશ રહી ગઈ હતી તેનો વ્યાજ સાથેનો બદલો મળ્યો છે.

તેમણે કહ્યું કે, નરેન્દ્ર મોદી અને અમિત શાહનું ગુજરાત છે. ગુજરાતની જનતાનો ભાજપ વતી આભાર અને ધન્યવાદ માનું છું. સી.આર. પાટીલને અભિનંદન આપું છું. લાખો કાર્યકર્તા અને સંગઠનનો વિજય છે. આ વિજય વિક્રમજનક વિજય છે. ભૂતકાળમાં કોઇ પણ રાજકીય પાર્ટીને આટલી બેઠકોને નથી મળી. વિકાસની રાજનીતિ ચૂંટણીનો મુદ્દો હતો એ જ મુદ્દા પર અને વિચલિત થયા વગર આગળ વધ્યા હતા. ૨૦૨૨માં કરી ભાજપની સરકાર બને તેનો આજે પાયો નંખાયો છે. અમારી જવાબદારી વધે છે. પ્રજાએ ખૂબ પ્રેમ આપ્યો છે તેમનો વિશ્વાસ એળે નહિ જાય તેવી ખાતરી આપું છું. આ વિજયને વિનમ્રતાથી ઉજવવા માટે કાર્યકર્તાઓને અપીલ કરુ છું.

તેમણે કોંગ્રેસ પર વાર કરતા કહ્યું કે, કોંગ્રેસ હારને પાછી કે ઠલવતી હતી. કોંગ્રેસ ડુબતુ નાવ છે. પ્રજાએ ગોતી ગોતીને તેમને હરાવ્યા છે. હવે કોઈનો વિસ્તાર રહ્યો નથી. ગત વખતે જે કચાશ રહી ગઈ હતી તેનો બદલો પ્રજાએ વ્યાજ સાથે આપ્યો છે. પ્રજાએ કોંગ્રેસને સત્તા માટે નહિ વિપક્ષ માટે પણ મંજૂરી નથી આપી. ઓવર કોન્ફિડન્સ અને લાપરવાહી ન રહે તેની ચિંતા ભાજપ કરશે.

## કોંગ્રેસનો સફાયો: ધાનાણી-ચાવડાના રાજીનામા

*ગાંધીનગર,તા.૨*

ગુજરાતની જિલ્લા પંચાયત, નગર પાલિકા અને તાલુકા પંચાયતની ચૂંટણીમાં કોંગ્રેસનો કારમો રકાસ થયો છે. રાજ્યની પ્રજાએ કોંગ્રેસને જાકારો આપ્યો છે. ત્યારે આ વચ્ચે ગુજરાત કોંગ્રેસમાંથી ચોંકાવનારા અહેવાલો સામે આવ્યા છે. જેમાં કોંગ્રેસના બે નેતાઓએ હાર સ્વિકારીને રાજીનામું આપ્યું છે. અમિત ચાવડા અને પરેશ ધાનાણીએ રાજીનામું આપ્યું છે.

આ રાજીનામાનો કોંગ્રેસ હાઈકમાન્ડે સ્વીકાર કર્યો છે. તેઓ ચૂંટણીમાં હારની જવાબદારી સ્વીકારી છે. કોંગ્રેસ હાઇકમાન્ડને તેઓએ રાજીનામાં મોકલ્યાં છે.તેવામાં કોંગ્રેસના દિગ્ગજ નેતા પરેશ ધાનાણી અને અમિત ચાવડાએ હારની જવાબદારી સ્વીકારી છે. આ સાથે જ તેમણે રાજીનામુ આપવાની જાહેરાત કરી છે.

**ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ**
**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**
**કોરોના નવા કેસની સંખ્યા:૪૫૪**
**રાજ્યમાં કુલ કેસનો આંકડો**
**પહોંચ્યો : ૨૭૦૭૭૦**
**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**
**લોકોનાં મૃત્યુ: ૦૦**
**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા**
**દર્દીઓની સંખ્યા :૩૬૧**
**ગુજરાતમાં સાજા થયેલા કુલ**
**દર્દીઓની સંખ્યા : ૨૬૩૮૩૭**

### માળિયા નગરપાલિકા પર કોંગ્રેસનો કબજો થયો

## ભુજ,ગીર સોમનાથ અને ગણદેવી નગરપાલિકા ભાજપનો ભગવો લહેરાયો

*ગાંધીનગર,તા.૨*

ગુજરાતની ૩૧ જિલ્લા પંચાયત, ૨૩૧ તાલુકા પંચાયત તથા ૮૧ નગરપાલિકાની સામાન્ય ચૂંટણી માટેના એક પછી એક પરિણામો સામે આવ્યા હતા. નવસારી જિલ્લાની ગણદેવી નગરપાલિકાની તમામ બેઠકો ભાજપના ફાળે ગઈ છે અને કોંગ્રેસના સૂપડા સાફ થઈ ગયા છે. ગણદેવી નગરપાલિકામાં ૨૪ માંથી ૨૪ બેઠકો ભાજપના ફાળે ગઈ છે.

ભાજપ શાનદાર દેખાવ કરીને વિજયકૂચ કરી રહ્યો છે અને ભુજ નગરપાલિકામાં ભાજપે સત્તા કબજે કરી છે. ભુજ નગરપાલિકામાં કુલ ૪૦ બેઠક છે અને તેમાંથી ૨૧ બેઠકો જીતીને ભાજપે સ્પષ્ટ બહુમતી મેળવી છે. વોર્ડ નંબર ૧૦માં ભાજપની પેનલની જીત થતાં ભાજપે સ્પષ્ટ બહુમતી મેળવી છે જ્યારે કોંગ્રેસે માત્ર ૭ બેઠકો જીતી છે.

ગીર સોમનાથની નગરપાલિકામાં ભગવો લહેરાયો છે. ઉના નગર પાલિકામાં ૩૬માંથી ૩૫ બેઠક પર ભાજપનો વિજય થયો છે. જયારે એક અપક્ષ ઉમેદવાર જીત્યા છે. જોકે, કોંગ્રેસના સૂપડા સાફ થઈ ગયા છે અને એક પણ બેઠક જીતી શક્યા નથી. આ કોંગ્રેસના નેતા પૂંજા વંશનો વિસ્તાર છે, જેમાં કોંગ્રેસના સૂપડાસાફ થઈ ગયા છે.

સૌરાષ્ટ્રમાંથી કોંગ્રેસ માટે પહેલા સારા સમાચાર આવ્યા છે અને માળિયા નગરપાલિકા પર કોંગ્રેસનો કબજો થયો છે. કોંગ્રેસે માળિયા નગરપાલિકાની ૨૪ બેઠકોમાંથી ૨૦ પર કબજો કરીને ભાજપને કારમી પછડાટ આપી છે. માળિયા નગરપાલિકાના વોર્ડ નંબર ૧થી વોર્ડ નંબર ૫માં કોગ્રેસની જીત થઈ છે અને દરેક વોર્ડની ચાર-ચાર બેઠકો કોંગ્રેસે જીતી છે.

## ૨૦૧૫માં ભાજપને નુકસાન હતું તે આજે વ્યાજ સાથે પૂરું કર્યું : પાટીલ



*ગાંધીનગર,તા.૨*

ભાજપના પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલે જણાવ્યું હતું કે, ‘આજે ભાજપના કાર્યકર્તાઓનો લોકો અને સરકારના કામોનું પરિણામ અહીં જોવી મળ્યું છે. ૨૦૧૫ માં ભાજપને નુકસાન હતું તે આજે વ્યાજ સાથે પૂરું કર્યું છે. ૨૦૧૫માં ભાજપ ૫ જિલ્લા પંચાયતોમાં લીડ પર હતું આજે ૩૧ પંચાયતોમાં લીડ પર છે. મે ૩૧ સભાઓ અને રેલીઓ દરમિયાન અનુભવ કર્યો હતો કે, ભાજપ ૩૧ જિલ્લા પંચાયત જીતશે. હું વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મતદારોનો આભાર માનું છું. તમામ મતદારોએ ભાજપને ખુલ્લું સમર્થન આપ્યું તે માટે સૌનો ખૂબ ખૂબ આભાર. તમામ આગેવાનો, મંત્રીઓ અને સરકારે જે કામ કર્યું છે તે માટે હું સૌનો આભાર માનું છું. ભાજપના ચૂંટાયેલા પ્રતિનિધિઓ પોતાની ફરજો પુર્ણ કરશે.’


## તંત્રી સ્થાનેથી...

# ગુજરાતમાં એક હતી કોંગ્રેસ...!?

રાજ્યમાં સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીઓનો દોર ચાલી રહ્યો છે જેમાં પ્રથમ તબક્કે રાજ્યની ૬ મહાનગર પાલિકાઓની ચૂંટણીઓ યોજાઈ ગઈ અને તેના પરિણામો પણ આવી ગયા જેમા દેશની આઝાદી પહેલા રચાયેલ વર્ષો જૂના કોંગ્રેસ પક્ષના હાલના સ્થાનિક નેતાઓની અગમ્ય સ્વાર્થને લઈને, જીતવાની ક્ષમતા ન ધરાવતા અને શાહમૃગી નીતિ તથા આંતરિક જૂથવાદના કારણે સફાયો થઈ ગયો.મતલબ ગુજરાતમાં કોંગ્રેસનું અસ્તિત્વ ખતમ....! જ્યારે કે સામે ગુજરાત માટે નવો પક્ષ કેજરીવાલની આમ આદમી પાર્ટીનો પ્રવેશ થઇ ગયો છે. આમપ્રજા રાજ્યના મુખ્ય રાજકીય પક્ષોથી કેવી કંટાળી ગઈ છે જે તેનો નિર્દેશ આપે છે તેમાં પણ કોંગ્રેસની નબળી નેતાગીરી કંઈ હદે પહોંચી ગઈ....?!બીજા તબક્કામાં નગરપાલિકાઓ, જિલ્લા પંચાયતો અને ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ યોજાઈ અને તેના પરિણામો જોતા સ્પષ્ટ દેખાઈ આવે છે કે કોંગ્રેસની જૂથબંધી,નબળી નેતાગીરી અને નેતાઓની આંતરિક ખેંચતાણને કારણે ગ્રામ્ય સ્તરે પણ કોંગ્રેસનો સફાયો થઈ ગયો છે તેમ કહેવું ખોટું નથી.....!? જોકે બીજા તબક્કાની ચૂંટણીમાં "આપ" નો પ્રવેશ તો થયો જ છે.પરંતુ સમજવાની બાબત એ છે કે ભારત મહાન લોકશાહી દેશ છે અને તેમાં જો મજબૂત વિરોધ પક્ષ ન હોય તો ત્યાંના પરિણામો પ્રજા માટે દુષ્કર આવે છે,પ્રજા પ્રશ્નોનો છેદ ઉડી જાય તે વાત આમ પ્રજાએ સમજવાની જરૂર છે પછી વિપક્ષમાં ભાજપ હોય કે કોંગ્રેસ હોય....જો વિરોધ પક્ષ મજબૂત નહીં હોય તો પ્રજાના પ્રશ્ને રજૂઆતો કોણ કરશે....? અમેરિકામાં વિપક્ષ મજબૂત એટલા માટે લોકશાહી મજબૂત છે પરંતુ ત્યાં બંધારણીય રીતે લોકો જાગૃત છે દરેક ચીજવસ્તુ ઉત્પાદનોનો નફો નિશ્ચિત છે ભારતની જેમ દોઢી કે ડબલ કિંમત કોઈ નથી લેવામાં આવતી..જોકે ભારતમાં ભજપ અને કોંગ્રેસ મુખ્ય રાજકિય પક્ષો છે. પરંતુ કોંગ્રેસમાંથી પોતપોતાના અગમ્ય કારણોને લઈને નવા નવા રાજકીય પક્ષો ઊભા થયા તેમજ તેમાં પણ પેટા પક્ષ ઉભા થયા પરંતુ તેમની નબળાઇ એ છે કે "હું જ બીજાથી મોટો" મતલબ દરેક પક્ષના વડાને વડાપ્રધાન બનવું છે તો કેટલાકને પોતાને કે પરિવારને કોઇ લાભ થવો જોઈએ એવા વિવિધ સ્વાર્થને કારણે પ્રજા તેમની વાતોમાં આવીને ભીંત ભુલે છે અને પોતાના હક્ક અને અધિકાર ભૂલી ગયા છે....! તો કોંગ્રેસ તથા એકાદ-બે પક્ષ સિવાય મોટાભાગના પક્ષો પ્રજાકિય પ્રશ્નો તરફ ધ્યાન જ આપતા નથી....! ત્યારે પ્રજા જાગૃત નહીં બને તો ભાવિ પેઢી માટેના પરિણામો દુષ્કર આવશે અને તેના માટે જવાબદા પ્રજાજનો જ કહેવાશે....!!

રાજ્યમાં રૂપાણી સરકારે રાજ્યની પ્રજાના હિતાર્થે અનેક યોજનાઓ જાહેર કરી છે પરંતુ તે યોજનાઓનો લાભ આમ પ્રજા સુધી પહોંચે છે કે નહીં તે જોવા જાણવા સરકારનું એક પણ આગવું મંત્રાલય કે બોર્ડ- નિગમ નથી જે એક હકીકત છે....! ત્યારે સરકારે અગાઉ ૨૦ મુદ્દા અમલીકરણ સમિતિ હતી તે રીતે કાયમી ધોરણે એક સમિતિ કે બોર્ડ- નિગમ બનાવી સરકારે જાહેર કરેલી યોજનાઓ ઉપર બાજ રાખી શકે અને અમલ ન કરનાર જવાબદારો સામે એક્શન લઇ શકે તેવી સત્તા આપવી આપવી જોઈએ અને તેવી કમિટીની નિમણૂક કરવી જોઈએ. તો તેને કારણે સરકારની તિજોરી ઉપર યોજના પ્રચાર સહિતનો ખર્ચો બચી જશે અને ખોટું પણ નહીં થાય. રાજ્ય સરકારે અનેકવિધ યોજનાઓને મંજૂરી આપી તેમા ટીપી સ્કીમ પણ આપી પરંતુ તેનો નિયમાનુસાર અમલ થયો છે કે નહીં તેની કેટલાને ખબર હશે...? લોકોમાં તો ટીપી સ્કીમની મોટાભાગનાને જાણ નથી હોતી... હા, બિલ્ડરો કે બાંધકામ ક્ષેત્રના નિષ્ણાતો વગેરેને જાણકારી હોય છે. એટલે ટીપી સ્કીમ એટલે શું...? તેવા પ્રશ્નોનો જવાબ છે કે અંદાજે ૧ કિલોમીટર બાય ૧ કિલોમીટરના એરિયાને ટાઉન પ્લાનિંગ કહેવાય છે. અને આવી એક ટીપી સ્કીમમાં ૧૨ જેટલી સુવિધાઓ આપવામાં આવે છે... જેમાં પ્લેગ્રાઉન્ડ, બાગ બગીચો, પાર્કિંગ સુવિધા, શાકભાજી માર્કેટ, સરકારી શાળા, સરકારી દવાખાનુ, લાઇબ્રેરી, કોમ્યુનિટી હોલ, વડીલો માટે શાંતિકુંજ, ઓપન પાર્ટી પ્લોટ,જાહેર ટોયલેટ બોક્સ, સ્વિમિંગ પૂલ, એક લાખની વસ્તીવાળા વિસ્તારમાં નિયમાનુસાર ફાયર સ્ટેશન પરંતુ આ બાબતે ટીપી સ્કીમો વધુ નજીક હોય તો પાંચ મિનિટમાં ઘટનાસ્થળે ફાયર બ્રિગેડની સેવા મળે તે રીતે ફાયર સ્ટેશન હોવું જોઈએ. સરકારની શુભ દાનત છે... પરંતુ પ્રજા આ માટે વિસ્તારમાં નજર કરે તો જ ખબર પડે કે ટીપી સ્કીમનો લાભ મળ્યો છે કે નહીં.....?!

# પંજાબમાં નશીલી દવાઓ વેચાણ કરનાર ફાંસીની સજા,આજીવન કેદ અને ૨૦ લાખ સુધીનો દંડ ફટકારાશે



ચંડીગઢ,તા.૨

ગયા વર્ષે પંજાબના અમૃતસર, તરોનતારન અને ગુરદાસપુર જિલ્લામાં ઝેરી દારૂના કારણે ૧૦૦થી વધુ લોકોના મોત બાદ સરકારે સખત કાર્યવાહી કરી છે. કેબિનેટમાં લેવામાં આવેલા એક નિર્ણય મુજબ જો કોઈ વ્યકિત નશીલી દવાઓ નાંખીને દારૂ વેચશે અને દારૂ પીવાથી કોઈનું મોત થયું તો આવા દોષીઓને ફાંસીની સજા, આજીવન કેદ અને ૨૦ લાખ રૂપિયા સુધીનો દંડ ફટકારવામાં આવશે. સરકારે અમૃતસર રેલવે દુર્ઘટનાના મૃતક પરિવારના સભ્યો અને વારસોને યોગ્યતા પ્રમાણે અલગ અલગ સંસ્થાઓમાં નોકરી આપવાની મંજૂરી પણ આપી દીધી છે. આ કેસને વિશેષ કેસ ગણાવી નિયમોમાં છૂટછાટ આપી હતી. ઉલ્લેખનીય છે કે આ ટ્રેન અકસ્માત ૧૯ ઓક્ટોબર ૨૦૧૮ના રોજ અમૃતસરના જોઢા ફાટક પર દશેરાના દિવસે બન્યો હતો, જેમાં ૫૮ લોકોનાં મોત નીપજ્યાં હતાં અને ૭૧ લોકો ઘાયલ થયાં હતાં. આ ઘટનાને લગતા કાયદા અને નિયમો ૨૧ નવેમ્બર ૨૦૨૦ના દાયરામાં નહોતા આવતા.

# આંદોલન ઉગ્ર બનાવવા માટે ખેડૂતોએ લીધો મોટો નિર્ણય, ૬ માર્ચથી કરશે અમલ

ન્યુ દિલ્હી,તા.૨

કેન્દ્રના નવા કૃષિ કાયદાના વિરોધમાં ખેડૂત આંદોલન ચાલુ છે. આંદોલનને ગતિ આપવા માટે ખેડૂત યુનિયનો દ્વારા અલગ અલગ જગ્યાએ પંચાયતો થઈ રહી છે. ગાઝીપુર બોર્ડર પર ભારતીય કિસાન યુનિયનના પ્રવક્તા રાકેશ ટિકૈતના નેતૃત્વમાં હજુ પણ ખેડૂતો જામેલા છે. બીજી બાજુ હવે આંદોલનની અસર ગામડાઓમાં પણ જોવા મળી રહી છે. યુપીમાં અનેક જગ્યાએ ખેડૂતો દૂધની આપૂર્તિ રોકવા અને ભાવ વધારવાની જાહેરાત કરી ચૂક્યા છે. આ જ ક્રમમાં ૩ ગામમાં દૂધનો સપ્લાય રોકી દેવાયો છે.

ખેડૂત આંદોલન પ્રત્યે એકજૂથતા દર્શાવવા માટે અમરોહા જિલ્લાના ત્રણ ગામડાઓમાં ડેરી ઉદ્યોગ સાથે સંકળાયેલા ખેડૂતોએ સહકારી સમિતિઓને દૂધ આપવાનું બંધ કરી દીધુ છે. ડેરી ખેડૂતોએ એવી પણ જાહેરાત કરી છે કે ૬ માર્ચથી તેઓ ૧૦૦ રૂપિયા પ્રતિ લીટર દૂધ વેચશે. હાલમાં દૂધનો સપ્લાય ૩૦ રૂપિયે પ્રતિ લીટરના ભાવે થઈ રહ્યો છે.

રિપોર્ટ્સ મુજબ સોમવારે અમરોહા જિલ્લાના ત્રણ ગામ રસૂલપુર માફી, ચુચૈલા ખુર્દ અને શહજાદપુરના ડેરી ખેડૂતોએ સહકારી સમિતિઓને દૂધની આપૂર્તિ કરવાની ના પાડી દીધી. જેના કારણે સમિતિઓના ટેક્રર્સ ખાલી જ પાછા ફર્યા.

ભારતીય કિસાન યુનિયનના યુવા પ્રદેશ અધ્યક્ષ દિગંબર સિંહે કહ્યું કે, 'અમે ખેડૂતોને દૂધના વેચાણને રોકવા માટે ઉક્સાવ્યા નથી. કૃષિ કાયદાનો વિરોધ કરનારા કારણે ખેડૂતો પોતે જ આમ કરી રહ્યા છે. આંદોલન ફક્ત અમારા સુધી સિમિત નથી. તે ગ્રાઉન્ડ સ્તર સુધી પહોંચી ચૂકયું છે અને હવે તે અન્ય ખેડૂતો તથા આમ આદમીનું સમર્થન પણ મેળવી રહ્યું છે.'

# આ વર્ષે કોરોના મહામારી સમાપ્ત નહીં થાય, આફ્રિકાના દેશોમાં વેક્સિનેશન શરૃ: WHO

ન્યૂયોર્ક,તા.૨

વિશ્વ આરોગ્ય સંસ્થાએ કહ્યું હતું કે વિશ્વને આ વર્ષમાં કોરોના મહામારીમાંથી છુટકારો મળશે નહીં. વિશ્વ આરોગ્ય સંસ્થાના ઈમર્જન્સી ડાયરેક્ટર માઈકલ રેયાને સોમવારે ચેતવણી આપતાં કહ્યું હતું કે એ વિચારવું ખોટું છે કે આ વર્ષમાં કોરોના સામેની લડાઈમાં જીત મળી જશે, પરંતુ હોસ્પિટલમાં ભરતી થનારા દર્દીઓ અને મોતને ઓછાં કરીને આ મહામારીથી બહાર આવી શકાશે. તેમણે કહ્યું હતું કે ગત સપ્તાહમાં વિશ્વભરમાં કોરોનાના કેસ વધ્યા છે. એના પરથી આપણે શીખવાની જરૂર છે.

બીજી તરફ, આફ્રિકાના દેશોમાં વેક્સિનેશન શરૂ થઈ ગયું છે. વિશ્વ આરોગ્ય સંસ્થાએ જણાવ્યું હતું કે પશ્ચિમ આફ્રિકી દેશ ઘાના અને કોટ-ડિવોયમાં લોકોને રસી આપવાની શરૂઆત થઈ ગઈ છે. ગત સપ્તાહમાં આ બન્ને દેશોમાં સીરમ ઈન્સ્ટિટ્યૂટે એસ્ટ્રાજેનેકા-ઓક્સફોર્ડ વેક્સિન પહોંચાડી છે. ઘાનાને ૨૪ ફેબ્રુઆરીએ ૬ લાખ વેક્સિનના ડોઝ અને એના બે દિવસ પછી કોટ-ડિવોયને ૫ લાખ ડોઝ મળ્યા હતા.

વિશ્વ આરોગ્ય સંસ્થા ચીફ ટ્રેડોસ ગેબ્રેસિએસે કહ્યું હતું કે ગત સપ્તાહે યુરોપ, અમેરિકા અને દક્ષિણ-પૂર્વ એશિયાના દેશોમાં કેસ વધ્યા છે. આવું ગત ૭ સપ્તાહમાં પ્રથમવાર બન્યું છે. આ ઘણું નિરાશાજનક છે. એનું મોટું કારણ ઘણા દેશોમાં છૂટછાટ અપાઈ છે. લોકો લાપરવાહી રાખી રહ્યા છે, જેનાથી કોરોના વેરિયન્ટ ઝડપથી ફેલાઈ રહ્યો છે.

## પશ્ચિમ બંગાળના માલદામાં એક ચૂંટણી સભાને સંબોધિત કરી

# બંગાળમાં ભાજપની સરકાર બન્યા બાદ ટીએમસીના ગુંડા જીવની ભીખ માંગશે : યોગી આદિત્યનાથ

*કોલકાત્તા,તા.૨*

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી અને ભારતીય જનતા પાર્ટીના ફાયર બ્રાન્ડ નેતા યોગી આદિત્યનાથે મંગળવારના ચૂંટણી સભાને સંબોધિત કરી. બંગાળના માલદામાં યોગી આદિત્યનાથની રેલી થઈ, જ્યાં તેમના નિશાના પર મમતા સરકાર રહી. યોગીએ આરોપ લગાવ્યો કે બંગાળમાં જય શ્રીરામના નારા બોલવા પર પણ રોક છે. યૂપી સીએમે કહ્યું કે, એક મહિનામાં બંગાળની ધરતી પર પરિવર્તન જોવા મળશે. બંગાળમાં એક વૃદ્ધ માતાને ટીએમસીના ગુંડાઓએ માર્યા, પરંતુ સરકારે કોઈ કાર્યવાહી કરી નહીં.



યોગીએ કહ્યું કે, ૨ મે બાદ ટીએમસીના ગુંડાઓ જીવવાની ભીખ માંગશે અને ગલીમાં છબિ લગાવીને માફી માંગશે. યૂપીના સીએમ બોલ્યા કે, ક્યારેક ભારતને નેતૃત્વ આપનારું બંગાળ આજે ખરાબ હાલતમાં છે. બંગાળમાં સત્તા પ્રેરિત ગુનાઓ અને આતંકવાદ દેશની સુરક્ષાને સખ્ત પડકાર આપી રહ્યા છે. બંગાળમાં શક્તિની પૂજા થાય છે, પરંતુ અહીં દુર્ગા પૂજા પર પ્રતિબંધ લગાવવામાં આવે છે. ઈદ પર જબરદસ્તીથી ગૌહત્યાઓ કરવામાં આવે છે, ગૌતસ્કરીથી ભાવનાઓને નુકસાન પહોંચાડવામાં આવે છે.

યોગી આદિત્યનાથે કહ્યું કે, બંગાળમાં જયશ્રી રામના નારા લગાવવાથી રોકવામાં આવે છે. અયોધ્યામાં પણ એક સરકારે રામભક્તો પર ગોળી ચલાવી હતી, તેની હાલત સૌએ જોઇ છે. જે પણ રામનો વિરોધી છે, તેનું બંગાળમાં કોઈ કામ નથી. સીએમ યોગી આદિત્યનાથે આગળ કહ્યું કે, સીએએ જ્યારે લાગુ થયું તો બંગાળમાં હિંસા કેમ થાય છે? આ સત્તા પ્રેરિત હિંસા છે. બંગાળમાં આયુષ્યમાન ભારત યોજનાને લાગુ ના કરવામાં આવી, કેન્દ્રની કોઈ પણ યોજનાનો લાભ અહીંના લોકોને નથી મળી રહ્યો.

યોગી બોલ્યા કે, લવ જેહાદ કરવામાં આવી રહ્યો છે. અહીંની સરકાર આને નથી રોકી શકી રહી. યૂપી સીએમ યોગી આદિત્યનાથે અહીં સભામાં કહ્યું કે માલદા સનાતન સંસ્કૃતિની ભૂમિ છે. બંગાળમાં આજે અરાજકતાની સ્થિતિ છે, જેનાથી આખા દેશને દુ:ખ થાય છે. બંગાળમાં બીજેપીની સરકાર બનાવીને એક નવા પરિવર્તનને આગળ વધારવાનું છે. બંગાળ પરિવર્તનની ધરતી રહી છે. આ જ ધરતી પરથી વંદે માતરમનો ઉદ્ઘોષ નીકળ્યો હતો. યોગીએ કહ્યું કે, બંગાળમાં બીજેપીની સરકાર આવી તો ૨૪ કલાકમાં ગૌતસ્કરી બંધ કરાવી દઇશું.

## પ્રથમ દિવસે ૨૯ લાખથી વધુએ નોંધણી કરાવી

# દેશના સ્વાસ્થ્ય મંત્રી ડો.હર્ષવર્ધન સહિત દિગ્ગજ નેતાઓએ કોરોના વેક્સિન લીધી

ન્યુ દિલ્હી,તા.૨

દેશમાં કોરોના રસીકરણના ત્રીજા તબક્કાની શરૂઆત થઈ ગઈ છે. આ તબક્કામાં ૬૦ વર્ષથી ઉપરના વડીલો અને ૪૫ વર્ષથી ૫૯ વર્ષ સુધીના ગંભીર બીમારીથી પીડાતા દર્દીઓને રસી આપવામાં આવી રહી છે. આ તબક્કાના લોકોમાં આવનારા સરકારના મંત્રીઓ પણ રસી મૂકાવી રહ્યા છે. આ જ ક્રમમાં કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી ડો.હર્ષવર્ધને પણ કોરોનાની રસી મૂકાવી. ત્રીજા તબક્કાની શરૂઆત થતા જ રસી પર સવાલ ઉઠાવનારા લોકોના મોઢા પર તાળા વાગી ગયા. સોમવારે સૌથી પહેલા પીએમ નરેન્દ્ર મોદીએ કોરોનાની રસી લીધી. ત્યારબાદ સરકારના કેટલાક મંત્રીઓ પણ રસી મૂકાવી ચૂક્યા છે. આજે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી ડો.હર્ષવર્ધન અને તેમના પત્નીએ દિલ્હી હાર્ટ એન્ડ લંગ ઈન્સ્ટિટ્યૂટમાં રસી મૂકાવી. પ્રધાનમંત્રી અને કેન્દ્રીય મંત્રીઓ દ્વારા ત્રીજા તબક્કામાં જ રસી લગાવવાને લઈને રસી પ્રત્યે વિશ્વાસનો સંદેશ ગણવામાં આવી રહ્યો છે. આ ઉપરાંત સરકાર તરફથી વિપક્ષની ચેતવણી (પીએમ અને ભાજપવાળા પહેલા મૂકાવે રસી) નો જવાબ પણ આપવામાં આવી રહ્યો છે.

જી કિશન રેડ્ડીએ પણ લીધો પહેલો ડોઝ

કેન્દ્રીય ગૃહ રાજયમંત્રી જી કિશન રેડ્ડીએ મંગળવારે હૈદરાબાદની ગાંધી હોસ્પિટલમાં કોરોના રસીનો પહેલો ડોઝ લીધો.

ફારુક અબ્દુલ્લાએ પણ લીધી રસી

નેશનલ કોન્ફરન્સના નેતા ફારુક અબ્દુલ્લાએ પણ જમ્મુ અને કાશ્મીરના શ્રીનગર એમ્સમાં કોરોનાની રસીનો પહેલો ડોઝ લીધો.

ટીઆરએસ સાંસદે મૂકાવી રસી

તેલંગણા રાષ્ટ્ર સમિતિ સાંસદ કે.કેશવ રાવે પણ રસી પર ભરોસો વ્યક્ત કર્યો છે. અને હૈદરાબાદની એક હોસ્પિટલમાં રસી મૂકાવી.

### વડાપ્રધાન મોદીના વખાણ કરતા જમ્મુમાં લોકોએ ગુલામ નબી આઝાદના પૂતળા સળગાવ્યા

શ્રીનગર,તા.૨

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વખાણ કર્યા બાદ કોંગ્રેસના દિગ્ગજ નેતા ગુલામ નબી આઝાદ પોતાની જ પાર્ટીના કાર્યકરોના નિશાન પર આવી ગયા છે. કોંગ્રેસના કાર્યકરોએ મંગળવારે જમ્મુમાં ગુલામ નબી આઝાદ વિરુદ્ધ ખુબ પ્રદર્શન કર્યું અને તેમને પાર્ટીમાંથી કાઢી મૂકવાની માગણી કરી. પ્રદર્શન કરી રહેલા કાર્યકરોએ પાર્ટીના વચગાળાના અધ્યક્ષ સોનિયા ગાંધીને ગુલામ નબી આઝાદને પાર્ટીમાંથી કાઢી મૂકવાની માગણી કરી. કાર્યકરોએ કહ્યું કે આ દુર્ભાગ્ય છે કે ગુલામ નબી આઝાદને કોંગ્રેસ ઘણું બધુ આપ્યું, પરંતુ છતાં આજે જ્યારે પાર્ટીનું સમર્થન કરવાનો સમય છે તો તેમણે ભાજપ સાથે દોસ્તી કરી. તેઓ ડીડીસી ચૂંટણી પ્રચાર માટે પણ જમ્મુ કાશ્મીર ન આવ્યા. પરંતુ હવે અહીં આવીને પીએમ મોદીના વખાણ કરી રહ્યા છે.

# ટહુકો કર, ટોકીશ નહીં






જ્યારે જીવનમાં બે વ્યક્તિ કોઇ એક સંબંધથી જોડાય છે, તો તેમની સાથે નવા ઘણા સંબંધો પણ જોડાતા હોય છે. જીવનમાં હંમેશાઆનંદ જાળવી રાખવા માટે દરેક સંબંધને સાચવવો અને ન્યાય આપવો ખૂબ જરૂરી બની જાય છે. ક્યારેક સતત વ્યસ્તતા વચ્ચે દરેક સંબંધ જીવનનો આનંદ હણી લેતો હોય એવું લાગે છે. રૂપિયા-પૈસા, નોકરી, સાસુ-સસરા, બાળકો ન થવા કે લગ્નેત્તર સંબંધ, આ તમામમાંથી એવું ક્યું કારણ છે, કે જે તમારા જીવનને નિરસ બનાવી દે છે. એક રીતે જોઇએ તો આ તમામ સમસ્યાઓ એટલી બધી ગંભીર નથી જેટલી તમને લાગે છે.

આ તમામ સમસ્યાઓ કરતા પણ સંબંધને વધારે અસર કરે છે, તો તે છે સતત ટોકતા રહેવાની સમસ્યા. એકબીજા પ્રત્યે નકારાત્મક વલણ રાખવાની ટેવ. આ ટેવને અંગત સંબંધની વચ્ચે ક્યારેય આવવા દેવી ન જોઇએ. પતિ-પત્ની વચ્ચે ઘરમાં સંવાદો થતા હોય જેવાકે, આ ભીનો ટુવાલ કેમ પથારી પર રાખ્યો છે, કપડાં કેમ આમતેમ નાખો છો, બૂટ મૂકવાની જગ્યા ડ્રોઈંગરૂમમાં નથી, જેવી રોજિંદા જીવનની અનેક નાનીનાની વાતો અને બાબતોમાં એકબીજાને ટોકવાનું યોગ્ય નથી. ઘણીવાર જોવામાં આવ્યું છે કે મોટાભાગની સ્ત્રીઓ આ પ્રકારના વાક્યો રોજ બોલતી હોય છે. વ્યવસ્થિત રહેવું, સ્વચ્છતા રાખવી, દરેક કામને વ્યવસ્થિત રીતે સંભાળવું, પોતાનું અનુસાશન રાખવું,...આવા કેટલાક ગુણ સ્ત્રીઓમાં હોય તેવું સ્વાભાવિકપણે માનવામાં આવે છે. પણ જ્યારે ટેવ બની જાય અને બીજો પક્ષ સતત બેદરકારી, સુસ્તી અને આરામ દેખાડતો રહે તો બંને વચ્ચે ઝગડો થવો સ્વાભાવિક છે.

એક પક્ષ સતત બીજાને આદેશ આપતો રહે, તેને ટોકતો રહે, સંભળાવતો રહે, જ્યારે બીજો પક્ષ ફક્ત સાંભળતો રહે અને તેને ધ્યાન પર ન લે, બંને પોતપોતાની જીદ પર અડગ રહે તો ઝગડો વધવા લાગે છે. જોકે એક રીતે વિચારીએ તો આવા ઝગડા દરેક દંપતી વચ્ચે થતા રહેતા હોય છે. પણ જ્યારે કોઇ પક્ષ નમતુ મૂકવા તૈયાર ન હોય અને ઝગડો રોજ થવા લાગે, વધવા લાગે ત્યારે સમસ્યા ગંભીર રૂપ ધારણ કરી લે છે. સંબંધ ક્રુરતાની હદ વટાવીને આગળ વધી જાય છે અને સંબંધનું ભવિષ્ય જોખમાય છે.

ઘરમાં ફક્ત સ્ત્રીઓ જ નહીં પણ પુરુષો પણ નાની નાની બાબતોને લઇને સ્ત્રીઓને ટોકતા હોય છે. ખાવાનું ન બનાવ્યું હોય, તબિયત સારી ન હોય, ક્યારેક રોટલી કે શાક બરાબર ન બન્યું હોય, ક્યારેક ઘરમાં સ્વચ્છતા ન જળવાઇ હોય જેવા અનેક નાના કારણોને લઇને ટોકતા હોય છે.જો પત્ની કઇક ખુલાસો આપવા જાય તો ક્યારેક ટોકવાની સાથે તેમના પર હાથ પણ ઉગામી દે છે. સંબંધની શીતળતાને અગનજ્વાળામાં બદલી નાખે છે અને પ્રેમથી બંધાયેલો સંબંધ પળવારમાં ઝૂનૂનમાં ફેરવાઇ જાય છે. અહીં એકબીજા માટે સતત નકારાત્મક અસર ઘર કરી ગઇ હોય ત્યારે આ પ્રકારની ઘટનાઓ બનવા લાગે છે. વારંવાર ટોકતા રહેવાની સમસ્યાને જાતે જ સમજીને વ્યાહારિક કુશળતા અને સમજણથી દૂર કરી શકાય છે. જો નકારાત્મક અસરની તકલીફ વધારે સમય સુધી લંબાતી રહે તો મુશ્કેલીઓમાં વધારો થવા લાગે છે. કારણકે તેમાં એક પક્ષ સતત બીજાની ટીકા કરતો રહે છે. વાતચિતમાં રહેલી આ નકારાત્મક અસરને બને તેટલી ઝડપથી બદલવાનો પ્રયત્ન કરવો જોઇએ. એકબીજા સાથે બેસીને લાગણીશીલ બનીને મૂળ સ્મસ્યા વિશે ચર્ચા કરવી જોઇએ. તેમાં પણ કઇ રીતે વાત કરવી તેનું ખાસ ધ્યાન રાખવું નહીતર બનતી વાત વધારે બગડવાની શક્યતા રહે છે.

પહેલા તો પોતાનો સ્વભાવ બદલો, વ્યવહારમાં નમ્રતા લાવો અને આદેશ કરવાને બદલે વિનમ્રતાથી પોતાની વાત કહેવાનું રાખો. વાત કરવાની યોગ્ય રીત પર વિચાર કરો. જેમકે, શું તું આ અઠવાડિયામાં વીજળીનું બિલ ભરી આવીશ, જેથી પેનલ્ટી ન લાગે..., રસોઇમાં તારા હાથનો સ્વાદ કેમ નહોતો, તબિયત તો સારી છે ને.....તમારાથી ભૂલથી ટુવાલ બેડ પર મૂકાઇ ગયો હતો, મે સૂકવી દીધો છે....તુ ન હો તો મારા કામ પૂરા જ ન થાય...આવા સંવાદો સંબંધમાં પ્રેમના બીજ રોપે છે. એકબીજાની ભૂલને પણ પ્રેમથી જણાવશો તો બંનેના મનમાં એકબીજા માટે માન વધશે. એકબીજાનું ધ્યાન રાખો છો અને સંભાળ લો છો એવી ભાવનાનો જન્મ થશે, જે સંબંધમાં મધુરતાનું સર્જન કરશે. જે જીવનપર્યંત જળવાઇ રહેશે. ક્યારેક સોરી, પ્લીઝ, થેક્યુ, લવલી સો મચ, યુ આર વેરી કેરીંગ, ...જેવા શબ્દો પણ કહેતા રહેવા જોઇએ.

કોઈપણ તકલીફ કે એકબીજા માટે મનમાં સહેજ પણ નકારાત્મક અસર ઊભી થાય તો તમારા સાથીના સ્થાન પર પોતાને મૂકીને વિચારી જૂઓ. તે પણ પ્રબુધ્ધ વ્યક્તિ છે. તેને એટલી બધી હદે પણ ટોકટોક ન કરો, કે ઘરમાં રહીને તે પોતાને જેલમાં રહેતા હોવાનો અનુભવ કરવા લાગે. બીજુ કે હંમેશા કોઈપણ કામ પૂરું કરવાનું હોય તો વિચારો કે કામ શું એટલું બધુ જરૂરી છે કે તમારા સાથી બીજા બધા જ કામ પડતા મૂકી તેની માટે સમય ફાળવે. તમારી વાતની રજૂઆત કરો પણ સામેના વ્યક્તિના જવાબ અને પ્રતિક્રીયાની રાહ જોવાનું હંમેશા રાખો. કોઈપણ વાતનું સતત પુનરાવર્તન ન કરવું. તેનાથી સામેવાળી વ્યક્તિ ચિડાઇ જશે. એકવાર વિચારી જુઓ કે શું તે કામ તે જ સમયે પૂરું થવું જરૂરી છે કે થોડા સમય માટે ટાળી શકાય તેવું છે. સાથી પર કામ અને વિચાર થોપવાની આદતને તરત જ બદલી નાખો. તમે એકબીજાના પૂરક છો, એકબીજાને ગુલામ બનાવવાનો પ્રયત્ન ન કરો.

કહેનાર અને સાંભળનારની વચ્ચે સૌથી મોટી તકલીફ એક જ છે કે એકને અવું લાગે છે કે મારી વાત કોઇ સાંભળતું નથી અને બીજાને લાગે છે કે મને ક્યારેય શાબાશી નથી મળતી પણ હંમેશા ટોક્યા કરે છે. તમારી આદતો સાથે પોતે જ લડો અને વચ્ચેનો રસ્તો કાઢો.

એકબીજાને સતત ટોકતા રહેવું ફક્ત જરૂરીયાત માટે નહીં પણ ક્યારેક પોતાનો હક અને પાવર જાળવી રાખવા માટે પણ થતું હોય છે. તેનાથી એક વાત સ્પષ્ટ થાય છે કે સંબંધમાં કોણ કેટલું હાવી થવા માગે છે. ક્યારેક અજાણતામાં પણ આવું બની જાય છે. જ્યાં પ્રેમ હોય ત્યાં હાવી થવાનું હોતુ નથી. એકબીજાની માનસિકતાને સમજવાનો પ્રયત્ન કરો અને ચર્ચા કરો, કારણકે સંબંધમાં તો બંને બરાબર હોવા જરૂરી છે. તમારા સંબંધને વિનમ્ર બનાવો. જો બેમાંથી એક વ્યક્તિ વિનમ્રતાથી વર્તન, કરવા લાગે તો બીજાએ પણ પોતાની આદત સુધારી હકારાત્મકતાનો સ્વીકાર કરી લેવો જોઇએ. જો આવું નહી બને તો વિનમ્રતા ધીમે ધીમે, ચિડતા, પછી હુકમ અને પછી ક્રૂરતામાં ફેરવાઇ જશે. તેથી બને તેટલી નકારાત્મક અસરને સંબંધથી દૂર રાખીને હકારાત્મક અસરને જ પ્રથમ પસંદગી આપો.




# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ મા આજે પાંચ ગદ્ય રચના પ્રસિદ્ધ કરવામાં આવી છે.

વિષય : લક્ષ્ય,ધ્યેય,માર્ગ

..સંપર્ક સૂત્રો....
www.janfariyadnews.com
Email : prdpraval42@gmail.com
What's up calling No : 9824653073
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
મુખ્ય નિર્ણાયક : જયશ્રી પટેલ
યુ ટ્યુબ ચેનલ : janfariyadnews
ન્યૂઝ પોર્ટલ : janfariyadnews

---

**NOG SS No :. 0079**

વિષય જીવનનું ધ્યેય લક્ષ

મથાળું ઊડાન

પ્રકાર : ગદ્ય

પ્રવિણા કડકિઆ

વણમાગે આ જીવન પામ્યાં. તૈયાર પરિવાર મળ્યો . ભગવાન સ્વરૂપે માતા અને પિતાને કારણે જીવન ધન્ય બન્યું હવે આ જીવન કેવું બનાવવું એ દરેક વ્યક્તિનાં હાથમાં છે. પેલા કૂતરા કે બિલાડીની માફક જીવવું કે પછી ,માનવ છીએ તો માનવી બનવું ?

એ દરેકનો પોતાનો સવાલ છે. જેનો ઉત્તર અંતરમાંથી મેળવી શકાય. આવ્યા એટલે જવાના એ નક્કી . આપણે ન હતાં ત્યારે પણ પૃથ્વી પર બધું સરસ રીતે ચાલતું હતું . વિદાય થશું ત્યારે પણ ક્યાંય ગોબો પડવાનો નથી .

તો વિચારો આપણા જીવનમાં પ્રગતિ કંઈ રીતે શક્ય છે? આપણે જીવન દરમ્યાન શું મેળવવું છે?

જેમ ફૂલ ખીલીને સૌંદર્ય તેમજ સુગંધ પ્રસરાવે છે અને અંતે માટીમાં મળી જાય છે . એ પ્રમાણે આપણે પણ જીવન દરમ્યાન તેને સાર્થક કરવાનો પ્રયત્ન કરવો. અંતે પંચ મહાભૂતોનો આ દેહ માટીમાં વિલીન થઈ જશે .

“ કંઈક આવ્યા કંઈક આવશે
નામ નિશાન ભૂંસાઈ જાશે
અહમ્ તારું વિઘ્ન કરશે
સંયમ દિલમાં ધરતો જા
આ સંસારે જન્મ ધરીને
રેતમાં પગલાં પાડતો જા “.

બસ પ્રથમ શ્વાસ અને અંતિમ શ્વાસ વચયેના ગાળાને સુંદર રીતે જીવી લઈએ. આ માનવ દેહ પ્રાપ્ત કર્યો છે, તેને એળે ન જવા દઈએ.

હમેશાં નિશાન ઊંચું તાકવું . ધ્યેયને આંબવાના પ્રયત્નમાં પાછી પાની ન કરવી . અંતે “ગીતા”માં કૃષ્ણ ભગવાને કહ્યું છે તેમ ફળની આશા ન રાખવી .

પ્રવિણા કડકિઆ.હ્યુસ્ટન અમેરિકા

---

**NOG SS No : 0095**

વિષય :-- ધ્યેય, લક્ષ્ય

પ્રકાર :-- ગદ્ય

શિષેક :-- મીરાં નો ધ્યેય ‘ વ્યસન મુક્તિ ‘

આજે મીરાંનાં પિતાના અવસાનને બાર દિવસ થયાં હતાં. હા, એનાં પિતાને કેન્સર થયું હતું ! એની માતાને પણ કેન્સર થયું હતું ને બે વષે પહેલાં જ એમનું પણ અવસાન થયું હતું.

મીરાં એનાં માતા - પિતાની એક માત્ર સંતાન હોવાથી એમની સેવા માટે મીરાં એ લગ્ન નહોતાં કર્યાં. એક પ્રાથમિક શાળામાં શિક્ષિકાની ફરજ બજાવતી હતી. આજે માતા પિતા બંને ને કેન્સર જેવી બિમારીમાં ગુમાવીને એ ખૂબજ દુ:ખી થઈ ગઈ હતી .એણે નક્કી કર્યું કે મારે હવે કોઈપણ સંજોગોમાં ગામનાં લોકો ને સમજાવવું જ પડશે કે ‘ કેન્સરહ્વ કેટલો ગંભીર રોગ છે ! અને એના માટે જ ગામનાં વડીલો, યુવાનોને વ્યસન નહીં કરવા માટે પણ સમજાવવું પડશે.

મીરાં એ શાળામાં આવીને આજે પોતાનાં જ વગેનાં બધાં બાળકોને એક સવાલ પૂછ્યો,”બાળકો તમારાં ઘરમાં કે આસ – પડોશમાં કોઈને વ્યસનની આદત છે ? જેવી કે બીડી, સિગારેટ, હુક્કો, તમાકુ, બજર, છીંકણી ? “

તરતજ બધા બાળકો એકસાથે જ બોલી ઉઠ્યા, “ હા હા બેન છેને ! “

કોઈનાં દાદા હુક્કો પીવે છે ,તો દાદી છીંકણી સૂંઘે છે. કોઈનાં પપ્પા બીડી પીવે છે તો કાકા તમાકુ ખાય છે. આમ ગામમાં લગભગ ઘરેઘરે વ્યસન કરતાં લોકો છે.

મીરાં એ બાળકો પાસે એક નાટક તૈયાર કરાવ્યું અને એ નાટક હતું, “ વ્યસન થી થતું નુકસાન “ .અને પછી ગામમાં સરપંચને વાત કરીને એક ગ્રામસભાનું આયોજન કરીને બધાં જ ગ્રામજનોની વચ્ચે આ નાટક ભજવાયું. અને જ્યાં નાટક સમાપ્ત થયું ત્યાંજ સૌ પ્રથમ સરપંચ ઊભા થયાં ને બાળકો તેમજ મીરાં બેનનો આભાર માન્યો અને સાથે સાથે પોતે આજથી હુક્કો નહીં પીવે એવો નિયમ પણ લીધો.

અને ત્યારપછી તો એક પછી એક સૌએ ઊભા થઈને હવેથી અમે પણ કદી વ્યસન નહીં કરીએ એવી પ્રતિજ્ઞા લીધી.

આજે મીરાં એ પોતાનું લક્ષ્ય પાર પાડ્યું હતું. પોતે ભલે પોતાનાં માતા – પિતાને બચાવી ના શકી પણ ગામનાં બધાં જ લોકો જે વ્યસન કરતાં હતાં એમને એક કુટેવમાંથી બહાર લાવીને એમનું જીવન બચાવ્યું છે એનો મીરાં ને અનહદ આનંદ છે.

જાણે આજે એને ગામનાં દરેક વડીલો રૂપે પોતાનાં માતા – પિતા પાછા મળ્યાંનો સંતોષ છે.

દીપિકા ચાવડા, ‘તાપસી. ‘

---

**NOG SS No : OO94,**

વિષય, ધ્યેય, લક્ષ્ય.

પ્રકાર ,લઘુવાર્તાં

શીર્ષક :રાંકનુ રતન

રાધા ગરીબ ઘરમાં જન્મેલી,મા રેવાની સાથે લોકોનાં કપડાં વાસણના કામે સંગાથે જતી..સહેજ મોટી થતાં તેને ખબર પડી મારી મા એક ચુંટાયેલા પ્રતિનિધિના ઘરે કામ કરે છે..રાધા બારમા ધોરણમાં હતી. મા એ ભણાવવા ખૂબ મહેનત કરી હતી .બાપની છત્રછાયાથી અળગી રાધા આગળ આવી...

સુમનભાઇના બંગલામાં કામ કરતા એક વાર રાધાએ હિંમત કરી સુમનભાઇ ને પૂછ્યું, “સર આ સરકારની યોજનામાં અમારે ઘર બનાવવું છે.”

સુમનભાઇ એની વાત પર ધ્યાન ન આપી વાત ઉડાવી દીધી.. રાજકારણના પૂરા રંગે રંગાયેલા સુમનભાઇનું ખરાબ વર્તન રાધાને ખૂંચ્યું. સમયાંતરે રાધા ભણી અને નોકરી મેળવી અને રેવાને સુમનભાઇના ઘરનાં ઢસરડાંમાંથી મુક્ત કરી..હવે એને સરકારની સહાયની જરૂર ન રહી મકાન જાત મહેનતે બનાવ્યું ,પણ મનમાં નિર્ણય લીધો ગરીબોને હું આ બધાં લાભ મળે છે એ માટે લોકોને જાગૃત બનાવીશ એમને મદદ કરીશ..

અને આમ ગરીબોની મદદ કરવા આગળ આવી.. કહેવાય છે ને દિલ પર લાગેલા ઘાવ એક સુંદર મંઝીલ તરફ વળે છે.

પરેશા ભટ્ટ.

---

**N.O.G. સાહિત્ય સરિતા ગૃપ**

**NOG SS No.0059.**

નામ: જયકાન્ત ઘેલાણી પ્યારે".

વિષય શબ્દો :લક્ષ્ય-ધ્યેય-માર્ગ.

વિભાગ. ગદ્ય.

શીર્ષક. " સખત પરિશ્રમ - પલ્ટે પ્રારબ્ધ ને ".

સુવિખ્યાત ગ્રીસ ફિલોસોફર શ્રીમાન એરિસ્ટોટલ કહ્યું હતું " માનવી સામાજિક પ્રાણી છે, - તે સમાજ વગર ન રહી શકે". હું! આજે તેમાં થોડાં પણ જરૂરી શબ્દો ઉમેરતાં આનંદ અનુભવુ છું કે,"ધ્યેય- લક્ષ વગરનો માણસ ન હોય શકે".

ધ્યેય-લક્ષ્ય ,માનવ સ્વભાવગત ગૂણો છે. હા, દરેક માનવીનાં ધ્યેય લક્ષ્ય, તેનામાં રહેલી વિચાર શક્તિ,સમય અને સંજોગોને આધિન જુદાજુદા રહેવાના અને હોવાના. ધ્યેય- લક્ષ્યમાં,સફળતા કે નિષ્ફળતાનો આધાર જે તે વ્યક્તિની નિષ્ઠા અને પરિશ્રમ ઉપરજ નિર્ભર રહેછે.

આપણો ઈતિહાસ પુરાવા સાથે સાક્ષી પૂરેછે, જેમકે, ધર્નુવિદ્યા શીખવાના શોખીન એકલવ્યને ગુરૂ દ્રોણાચાર્યે ,અકળ કારણોસર શીખવાડવાની ના પાડી હતી, છતાં પોતાના ધ્યેય-લક્ષ્યને પૂર્ણ કરવાં એકલવ્યે,ગુરૂ દ્રોણાચાર્યની માટીની પ્રતિમા બનાવી,તેની પૂજા કરી,અટલ શ્રધ્ધા સાથે, ગુરૂ દ્રોણાચાર્ય પાસેથીજ ધનુર્વિદ્યા પ્રાપ્ત કરી હતી.

બાણાવળી અર્જુને પ્રતિકૂળ સંજોગોની વચ્ચે પણ એક વિચક્ષણ દ્રષ્ટિ કેળવી,માછલીની આંખને લક્ષ્ય બિન્દુ બનાવી, આંખ વિંધી, અજોડ સિધ્ધિ મેળવી હતી.

હિન્દુ મહા સમ્રાટ વીર રાણાપ્રતાપે પણ પોતાની પાસે રહેલી સીમિત લશ્કરી સામગ્રી વચ્ચે પણ મોગલ સલ્તનતને શૌર્યતાથી ઝનૂનપૂર્વક લડત આપી હંફાવી હતી.આ તેનો પ્રયાસ તેમને અમરત્વ આપી ગયો છે.

ચાલો, ભૂતકાળ છોડી વર્તમાન જોઈએ ,આપણાં રાષ્ટ્રપિતા ગાંધી બાપુએ,હિંસા સામે અંહિસાનાં શસ્ત્રથીજ આઝાદી અપાવી છે ને ?લક્ષ્ય સિધ્ધ કરવાં,

સાધન કરતાં, તે માટેનો તમારો અડગ પુરૂષાર્થજ મુખ્યછે. આપણાં પંતપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી પણ સીમીત સાધનો હોવાછતાં,આતકંવાદનો અને રાષ્ટ્રનાં દુશ્મનોનો સંહાર કરવા કેટલા કૃતનિશ્ચયી છે ,જે તેમના લક્ષ્ય બિન્દુને ઉજાગર કરેછે. તો આપણી સરહદોનું રક્ષણ કરતા સ્થળ,જળ અને વાયુસેનાનાં જવાનો કપરાં સંજોગોમાં પણ પોતાના દેશનું રક્ષણ કરવાં શહિદી માટે પણ તૈયાર હોય છે ને ?

લક્ષ્ય સિધ્ધિ માટે આપણી કહેવતો પણ ઘણો બોધ આપે જ છે:

’મન હોય તો માળવે જવાય’.
’સિધ્ધિ તેને જઈ વરે,
જે પરસેવે ન્હાય’.
પરિશ્રમની પાંખે ઊડી,
- માનવ પોતાના પ્રારબ્ધ ને
- પલ્ટાવી શકેછે.

આત્મ નિર્ભર ભારત જીંદાબાદ.

જયહિદ--- વંદેમાતરમ.

ઇજયકાન્ત ઘેલાણી ’પ્યારે" મુંબઈ.

---

**NOG SS NO-0091**

પ્રકાર: ગદ્ય

વિષય: માર્ગ

શીર્ષક: સારથી બનો સંતાનનાં

કોલેજ કરતાં બાળકનાં માતા-પિતાની સાથે મારે એક વાત શેર કરવી છે. તમે તમારાં બાળકને તેની ઇચ્છાથી તેની આવડતથી તેને તેની મંઝિલ બનાવવા દો. તમે તેનાં પર કોઈપણ પ્રકારનું પ્રેશર ન આપો. તેણે જે લક્ષ વિચાર્યું છે તે બરાબર છે કે નહીં તે જોવાની જવાબદારી તો તમારી જ છે. તે બીજાનું જોઈને પોતાનું લક્ષ્ય નથી વિચારતો ને કે તેનો મિત્ર ઝછ કરે છે તો મારે પણ ઝછ કરવું. મારી ફ્રેન્ડ ડાન્સર બને છે તો મારે પણ બનવુ, પરંતુ તે જે બનવા ઈચ્છે છે તેમાં તેની આવડત અને તે પ્રમાણેની લાયકાત તેનામાં છે કે નહીં તે ચોક્કસ ચકાસો. હું મારી જ વાત કરું તો મારા મોટા દીકરાને ફૂટબોલમાં રસ છે. તે સ્પોર્ટસમાં આગળ જવા ઈચ્છે છે, તો મેં પહેલા તેને લગતી બધી તપાસ કરાવી કે આગળ તેનું ભવિષ્ય કેવું છે અને હાલ તે બીબીએ સ્પોર્ટ્સ મેનેજમેન્ટમાં ભણે છે. થોડું આપણે તેના નસીબ પર પણ છોડવું પડે, પરંતુ ભવિષ્યમાં આપણે એવું સાંભળવું ન પડે કે મારે જે બનવાની ઈચ્છા હતી તેમાં તમે લોકોએ મદદ ન કરી. દરેક મા-બાપને એક જ વિનંતી તમારા બાળકનાં સાચા માર્ગદર્શક તમે જ બનો, તેને સાચો માર્ગ બતાવો. બીજું કે ધોરણ ૧૨ પછી તેનો રસ્તો જાય છે બેચલર ડિગ્રી અને પછી માસ્ટર ડિગ્રી, પરંતુ બેચલર ડિગ્રીથી આગળ નીકળતાં માર્ગમાં બે ફાંટા પડી જાય છે, એક જાય છે માસ્ટર ડિગ્રી તરફ અને બીજુ ફ્રેન્ડશીપ, ર્દ્દીંદ્દૈક્રી વગેરે વગેરે....... બાળકને સમજણ હોતી નથી કે પોતાને કયો રસ્તો પકડવો. બીજાનું અનુકરણ કરી કદાચ ખોટા રસ્તે પણ જઈ શકે. નાના બાળકને જમાડતી વખતે કે ભણાવતી વખતે જેમ તેને ગમતી વસ્તુઓનું પ્રલોભન આપતાં તેમ આ ઉંમરનાં બાળકોને પણ એ રીતે પ્રલોભન આપો. મેં એક લેખમાં વાંચ્યું હતું જે હું તમારી સાથે શેર કરું છું. બાળકોને એવું સમજાવો કે બેટા દરેક છોકરી પોતાના સપનામાં કે કલ્પનામાં એક રાજકુમાર જ જુએ છે, અને છોકરો હંમેશાં રાજકુમારી જ ઈચ્છે છે. ગરીબ અને મધ્યમ વર્ગના છોકરા-છોકરીનાં કોઈ સપનાં જોતું નથી, અને આપણાં જેવાં મધ્યમ વર્ગીય પરિવારને તો આ સપનાં જોવાનો પણ હક નથી.

એટલે જો તમારે બીજાનાં સપનાં બનવું હોય તો એ પ્રમાણે તમારે તમારું કરિયર બનાવવું પડે જેથી તમે તમારા સપનાં તો પૂરા કરી જ શકો સાથે બીજાનાં સપનાં બની શકો. આ ઉંમર એવી છે કે આવી રીતે તેના મિત્ર બનીને સમજાવી શકાય. બાકી પેલો રાહુલ ડોક્ટર બન્યો અને પેલી રાધિકા પ્રોફેસર બની. તેવી વાતોથી તો ઘરમાં ઝઘડાં કજિયા અને વિખવાદ થાય, અને ગુસ્સામાં આવીને તે ખોટું પગલું પણ ભરી શકે. એટલે એટલું જ કહેવાનું કે તમે તમારા સંતાનનાં સાચા મિત્ર બનો, સાચા સારથી બની તેને સાચો માર્ગ બતાવો . Best of luck

જિજ્ઞાસા યુ જોષી “શુક”

## તપસમ્રાટ આચાર્યશ્રી વિજય હંસરત્નસૂરીસ્વરએ ૧૮૦ ઉપવાસનું પારણું આયંબીલના તપથી કર્યું

અનંત ઉપકારી તીર્થંકર પરમાત્માઓ ફરમાવે છે કે અજ્ઞાની વ્યક્તિ એક કરોડ પૂર્વવર્ષ એટલે કે એક પૂર્વ એટલે ૭૦૫૬૦ અબજ વર્ષ ૧ કરોડ વર્ષ સુધી ક્રિયા કરીને જે કર્મ ખપાવે તે જ્ઞાની પુરુષો એક શ્ર્વાસોચ્છવાસમાં ખપાવે છે. એટલે પ્રત્યેક શબ્દ તોલીને બોલવો જોઈએ અને વિચારીને વાપરવો જોઈએ. નહીં તો અસંખ્ય અને અનંત ભવની વૃદ્ધિ ×વિણ ખાધા વિણ ભોગવ્યા ન્યાયે” થઈ જતી હોય છે. શાસ્ત્રો ફરમાવે છે કે, સુખ ભોગવવાથી પાપ નથી લાગતું પરંતુ સુખની ઈચ્છા માત્ર કરવાથી પાપની શરૂઆત થઈ જાય છે. તેથી કોઈપણ સુખ ભોગવવા માટેનો અવસર આવવાનો હોય તો એડવાન્સમાં તેનું આયોજન કે તેની વિચારણા કરીને સુખના આનંદની પ્રાપ્તિમાં કેવો આનંદ આવશે તેવો વિચાર ન કરવો જોઈએ. દા. ત. બહારગામ ફરવા જવું છે, રાત્રિભોજન કરવું છે, પિક્ચર જોવા જવું છે. તો તેના આગોતરા વિચારો કરવાથી પાપ ત્યારથી જ શરૂ થઈ જતું હોય છે. અને ભોગવતી વખતે મન, વચન અને કાયાના યોગો ભેગા ન થવા દઈએ તો પાપની ઘનતા ઘણી ઓછી થઈ જતી હોય છે. ધર્મમાં મન, વચન, કાયાને એકાગ્ર કરીને પ્રવૃત્તિ કરવાની છે. તો કર્મક્ષય અઢળક થાય છે. અને સંસારમાં બીલકુલ વિરુદ્ધ મન ભળે તો વચનને ન ભળવા દેવું, વચન ભળે તો કાયાને ન ભળવા દેવી. તે પ્રમાણે ત્રણેય યોગને છૂટા રાખવાથી કર્મબંધ અલ્પ થઈ જતું હોય છે.

જે વસ્તુ કે વ્યક્તિ પ્રત્યે આપણને સોફ્ટ કોર્નર હોય તે વ્યક્તિ કે વસ્તુ દ્વારા જે કોઈ પાપ થાય તે બધું આપણને લાગી જતું હોય છે. એટલે મનને પ્રત્યેક સમયે ખૂબ કેળવવું પડતું હોય છે. આપણે બીનજરૂરી અવારનવાર એવા સ્ટેટમેન્ટ્સ આપતા હોઈએ છીએ જેમ કે, આ હાઈ-વે બહુ સારા થઈ ગયા જેથી સ્પીડમાં જઈ શકાય છે. આટલી અનુમોદના કરવા માત્રથી આખા વિશ્ર્વમાં જેટલો ડામર ગરમ થતો હોય તે બનાવવામાં જેટલી હિંસા થતી હોય તે બધી આપણને લાગી જતી હોય છે. જુહૂના દરિયા પર માત્ર એટલું બોલીએ કે પવન કેટલો સરસ ઠંડો છે અથવા તો આ સાગરના ઘુઘવવાનો અવાજ કેટલો કર્ણપ્રિય છે. તો અસંખ્ય વાઉકાયના અને અપકાય એટલે કે પાણીના જીવોની કતલ કરવાનું પાપ ન લેવાદેવા લાગી જતું હોય છે. કોઈ ઊંચું બિલ્ડિંગ જોઈએ કે સંસારની અનેકવિધ વસ્તુઓની આપણે અનુમોદના કરતા હોઈએ છીએ. જે જરૂરી નથી હોતી તેનું ભયંકર પાપ અસંખ્ય ભવો સુધી આપણને ભટકાવે છે.

બોલવામાં પણ આપણે જે શબ્દો બોલીએ છીએ તે હિત-મિત-પથ્યમ્-સત્યમ્ સ્વરૂપના હોવા જોઈએ. જેમ કે આપણે અવારનવાર ઓકે બોલીએ છીએ તેને બદલે ભલે શબ્દ વાપરવો જોઈએ. સવારમાં અનેક લોકોને બોલવા દ્વારા કે વોટ્સ એપથી ગુડ મોર્નિંગ કે શુભ સવારના સંદેશાઓ આપણે મોકલતા હોઈએ છીએ તેથી તે સામેવાળો દિવસ દરમ્યાન જેટલા પાપ કરે તે બધા આપણને લાગી જતા હોય છે. તેના બદલે વિમલશ્રી સુપ્રભાતમ્ તે શબ્દ વાપરવો જોઈએ. પેથડશાના પરીવારમાં વિમલશ્રી જયારે જિનમંદીરે જતા ત્યારે યાચકોને સવાશેર સોનાના સિક્કા દાનમાં આપતા હતા. તે દાન એટલું પ્રિય થયું કે યાચકો કોઈપણ ક્ષેત્રમાં હોય તો બેસતા વર્ષે જેમ સબરસનો પોકાર કરીને આપણને મીઠાના ગાંગડા આપતા અને આપણે સામે શુકનનું દ્રવ્ય તેને આપતા. તેવીરીતે સવારમાં આપ કોઈને વિમલશ્રી સુપ્રભાતમ્ એ શબ્દ બોલો તો બોલનાર અને સાંભળનાર બંનેને ત્યાં મંગળ અને કલ્યાણ થાય છે.

તે પ્રમાણે કોઈના લગ્નમાં જઈએ કે જન્મ દિવસે કે વ્યવહારકી અભ્યાસમાં ઉત્તિર્ણ થવાથી આપણે કોન્ગ્રેચ્યુલેશન્સ શબ્દથી તેનું અભિવાદન કરતા હોઈએ છીએ. અથવા તો બેસતા વર્ષે હેપ્પી ન્યુ યર કરતા હોઈએ છીએ. એટલે તે વ્યક્તિ વર્ષ દરમ્યાન જે કંઈ પાપ કરે, લગ્ન પછી જેટલા પાપો કરે કે વ્યવહારીક અભ્યાસ પછી જે કંઈ મન, વચન, કાયાના યોગથી કોઈપણ અશુભ પ્રવૃત્તિ કરે તે બધાનો દોષ આપણને લાગી જતો હોય છે. તેને બદલે મંગલ કામના શબ્દ વાપરવો જોઈએ. જેથી તેની ઉપરોક્ત દરેક પ્રવૃત્તિ દ્વારા આખરે તેના આત્માનું કલ્યાણ થાય તેવો ભાવ મંગલ કામના શબ્દ દ્વારા વ્યક્ત થતો હોય છે. માટે એક નાનકડો સુધારો આપણને અનેક પાપોમાંથી બચાવી શકે છે. આજકાલ અંતિમ યાત્રામાં પણ જય જિનેન્દ્ર શબ્દ વાપરતા હોય છે. અથવા ઘણા તો ડેડબોડી સામે નવકાર કે મોટી શાંતિનો પાઠ કરતા હોય છે. તેનો આપણા આચાર્ય ભગવંતો સ્પષ્ટપણે નિષેધ કરે છે. એક વ્યક્તિ મૃત્યુ પામે પછી તેની આજુબાજુમાં નવકાર જેવા મહામંત્રો વગેરે મોટેથી બોલવાને બદલે મનમાં ગણવા જોઈએ અને અંતિમ યાત્રામાં જય જિનેન્દ્રને બદલે સંસાર અસાર હૈ ધર્મ હી સાર હૈ તેવા સ્લોગનો જીલાવવા જોઈએ.

આવો ! આજથી જ અજમાવીએ અને પ્રાચીન પરંપરાઓને પુન: પ્રતિષ્ઠિત કરીએ. જિનાજ્ઞા વિરુદ્ધ કંઈ પ્રરૂપણા થઈ હોય તો મિચ્છા મિદુક્કડમ્.

લિ. અતુલકુમાર વ્રજલાલ શાહના સબહુમાન પ્રણામ.

## ઈડર પ્રાંત કલેકટરની જીદના કારણે મીડિયા કર્મીઓ પરેશાન



સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની મત ગણતરી ઈડર આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે રાખવામાં આવેલ જેમાં ઈડરના સ્થાનિક મીડિયા કર્મીઓ કવરેજ કરવા જતાં ગેટ ઉપર અટકાવી અંદર પ્રવેશ આપવામાં આવ્યો ન હતો પ્રવેશ ન મળતા મીડિયા કર્મીઓ કોલેજના ગેટ આગળ બે કલાક સુધી ઉભા રહ્યા હતા ત્યારબાદ આ બાબતે સ્થાનિક તંત્રનો સંપર્ક કરતા સ્થાનિક અધિકારી દ્વારા કોઈ પ્રતિભાવ આપવામાં આવ્યો ન હતો જેથી મીડિયા કર્મીઓએ જિલ્લા કલેકટરનો સંપર્ક કરતા સમગ્ર ઘટના પ્રકાશમાં આવી હતી સ્થિતિની ગંભીરતા સમજી જિલ્લા કલેક્ટર ઈડર ખાતે દોડી આવી મીડિયા કર્મીઓને મીડિયા રૂમમાં પ્રવેશ અપાવ્યો હતો મીડિયા રૂમમાં મીડિયા કર્મીઓને મત ગણતરીના તાજા અપડેટ મળીરહે તેવી કોઈ વ્યવસ્થા કરવામાં આવી ન હતી

મીડિયા કર્મીઓની અવગણના કરનાર ઈડર પ્રાંત કલેકટર મીડિયા કર્મીઓને મત ગણતરીના અપડેટ મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં નિષફર રહ્યા હતા અને મીડિયા કર્મીઓને પ્રવેશ મળે તેમાટે મામલતદાર દ્વારા ઈસ્યુ કરેલ પ્રવેશ પાસની કોઈ વેલ્યુ રાખી ન હતી લોકશાહી ના ચોથા સ્તંભનું સતત અવગણના કરનાર પ્રાંત કલેકટરનો ભારે વિરોધ કરી સખત શબ્દોમાં વખોડી કાઢી આગામી સમયમાં ઈડરના તમામ પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક, પોર્ટલ,વેબસાઈટ, યૂટ્યૂબ ચેલના મીડિયા કર્મીઓ મંજૂરી લઈ મામલતદાર કચેરી આગળ એક દિવસના પ્રતીક ઉપવાસ કરી મીડિયા કર્મીઓ સાથે પ્રાંત કલેકટરે કરેલા ગેર વર્તનનો રામધૂન બોલાવી વિરોધ પ્રદર્શિત કરશે.

માલજીદેસાઈ ઈડર

## પેટ્રોલ-ડીઝલના ભાવો ઘટી શકે છે: આખરે મોદી સરકાર ટેક્સ ઘટાડવા તૈયાર

ન્યુ દિલ્હી,તા.૨

સમગ્ર દેશના નાગરિકોને ટુંકમાં પેટ્રોલ-ડીઝલના ભાવોમાં રાહત મળી શકે છે. કમરતોડ બોજ નાંખ્યા બાદ આખરે મોદી સરકાર પેટ્રોલિયમ પેદાશો પરનો ટેક્સ ઘટાડવા તૈયાર થઇ છે. રિઝર્વ બેક્રના ગવર્નર શક્તિકાંત દાસે સરકારને ટેકસમાં કાપ મૂકવાનું સુચન કર્યું. પછી નાણામંત્રાલય આ અંગે વિચાર કરી રહ્યું છે.

મંત્રાલયના સૂત્રોને ટાંકીને આ અહેવાલ આપ્યા છે. જે મુજબ કેન્દ્ર સરકાર પેટ્રોલ-ડીઝલ પર એક્સાઈઝ ડ્યૂટી ઘટાડવાની તૈયારી કરી રહી છે. પેટ્રોલ-ડીઝલના ભાવવધારાને કારણે વિપક્ષ સહિત ચારેબાજુથી સરકાર પર ટીકાનો મારો થઇ રહ્યો છે.

રિપોર્ટ મુજબ નાણામંત્રાલયે રાજ્ય સરકારો, ઓઈલ કંપનીઓ અને પેટ્રોલિયમ મંત્રાલયની સાથે મંત્રણા શરુ કરી છે. તેમાં ગ્રાહકોને રાહત આપવાની સાથે સરકારની તિજોરી પર બોજ પણ ન પડે તે અંગે માર્ગ શોધવામાં આવી રહ્યો છે.

મંત્રાલયના સૂત્રોએ જણાવ્યું કે પેટ્રોલ-ડીઝલના ભાવો કઇ રીતે સ્થિર રાખવામાં આવે તે અંગે વિચાર કરવામાં આવી રહ્યો છે. તેના માટે માર્ચના મધ્ય સુધી સરકાર કોઇ નિર્ણય લઇ શકે છે. સરકાર ટેક્સમાં કાપ મૂકતા પહેલાં આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડના ભાવો સ્થિર થવાની રાહ જોઇ રહી છે. જેથી ભાવિષ્યમાં ટેક્સમાં વધારો કરવાની જરુર ન પડે. દરમિયાન નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું કે ટેક્સ અને રાજ્ય સરકારોએ મળીને કોઇ પગલાં લેવા પડશે.

## નોટબંધીના નિર્ણયને કારણે દેશમાં બેરોજગારી વધી છે: મનમોહનસિંહ

ન્યુ દિલ્હી,તા.૨

મોદી સરકાર પર નિશાન સાધતા ભૂતપૂર્વ વડા પ્રધાન ડો.મનમોહન સિંહે મંગળવારે ફરી એક વખત નોટબંધીના નિર્ણયને ખોટો ગણાવ્યો છે. આ સાથે જ તેમણે કહ્યું હતું કે, ભાજપ સરકારનાં આ સમજી વિચારીને કરેલા નિર્ણયને લીધે દેશમાં બેરોજગારીનો દર વધ્યો છે અને અસંગઠિત ક્ષેત્ર ખંડેર થઇ ગયુ છે.

ચૂંટણીલક્ષી કેરળમાં કોંગ્રેસ પાર્ટીનાં થિંક ટેંક રાજીવ ગાંધી ડેવલોપમેન્ટ સ્ટડીઝની વર્ચુઅલ કોન્ફરન્સનું ઉદ્ઘાટન કરતાં મનમોહનસિંહે કહ્યું હતું કે, સરકાર અને ભારતીય રિઝર્વ બેંક દ્વારા કામચલાઉ પગલાઓ દ્વારા ક્રેડિટ સમસ્યાને છુપાવી શકાય નહી. “વેઈટિંગ ૨૦૨૦” નામની એક કોન્ફરન્સમાં ભૂતપૂર્વ વડાપ્રધાને કહ્યું, “બેરોજગારી વધારે છે અને અસંગઠિત ક્ષેત્ર ધરાશાહી થઇ ચુક્યું છે.” આ સંકટ ૨૦૧૬ માં થયેલા વિચાર વિહીન ડિમોનેટાઈઝેશન નિર્ણયથી ઉદ્ભવ્યું છે.” ચૂંટણી પૂર્વે યોજાયેલા આ સમારોહનો હેતુ કેરળનાં વિકાસ માટે વિઝન ડોક્યુમેન્ટ રજૂ કરવાનો છે.

મનમોહનસિંહે કહ્યું કે, “સંઘવાદ અને રાજ્યોની સાથે નિયમિત પરામર્શ, જે ભારતની આર્થિક અને રાજનીતિક આધારશિલા અને બંધારણમાં નિહિત દર્શન છે, તેને વર્તમાન કેન્દ્ર સરકાર દ્વારા મહત્વ આપવામાં આવ્યું નથી.” કેરળનાં વિકાસ અંગે પોતાનો અભિપ્રાય વ્યક્ત કરતી વખતે મનમોહનસિંહે કહ્યું કે રાજયમાં સામાજિક ધોરણો ઉંચા છે, પરંતુ ભવિષ્યમાં, અન્ય ક્ષેત્રો પર ધ્યાન આપવાની જરૂર છે. પૂર્વ વડા પ્રધાને કહ્યું કે, અહીં ઘણા અવરોધો છે, જેને રાજયએ પાર કરવુ પડશે. તેમણે કહ્યું કે, આઇટી ક્ષેત્ર ડિજિટલ મોડને કારણે કામ કરી રહ્યું છે, પરંતુ રોગચાળાએ પર્યટન ક્ષેત્ર પર ખૂબ ખરાબ અસર કરી છે. તેમણે કહ્યું કે, શિક્ષણ અને આરોગ્ય પર કેન્દ્રિત થવાને કારણે કેરળનાં લોકો દેશ અને વિશ્વનાં તમામ ભાગોમાં નોકરી મેળવી શક્યા છે.

**રાજપીપળા નગરનો સર્વાંગીણવિકાસ થશે. વિકાસ ના અધૂરા કામો પૂરા કરાશે-જિલ્લા પ્રમુખ ઘનશ્યામ પટેલ**

# રાજપીપલા નગરપાલિકામા ભગવો લહેરાયો,૭ વોર્ડના ૨૮ બેઠકો પૈકી કૂલ ૧૬ બેઠકો ભાજપાએ જીતી સ્પષ્ટ બહુમતી મેળવી

રાજપીપળા, તા ૨

આજે રાજપીપલા નગરપાલિકાના૭વોર્ડ ના ૨૮ બેઠકો માટે કૂલ ૧૧૫ ઉમેદવારોનું ભાવિ આજે ઈવીએમમાથી ખૂલ્યૂ હતું.

આજે સવારે મતદાનની મતગણતરી રાજપીપલાની આદર્શ નિવાસી શાળા ખાતે ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે ચૂંટણી અધિકારી જિલ્લા કલેકટર ડી એ શાહ અને પ્રાંત અધિકારી કે ડી ભગત ની ઉપસ્થિતિમા મત ગણતરી હાથ ધરાઇ હતી. જેમારાજપીપલા નગરપાલિકામા ભગવો લહેરાયોહતો નગરપાલિકા ના કૂલ૭વોર્ડ ના ૨૮ બેઠકો પૈકીકૂલ૧૬બેઠકોભાજપાએ જીતી સ્પષ્ટ બહુમતી મેળવીહતી. જ્યારે ૨૮પૈકી ભાજપા ને ૧૬,કોંગ્રેસ ૬અને અપક્ષ ને ૬બેઠકો મળીહતી. ભાજપા વિજયી થતા ફટાકડા ફોડી ભાજપનું વિજય સરઘસ નીકળ્યુંહતું.

આજે પહેલુ પરિણામ વોર્ડ નંબર ૧નું પરિણામ જાહેર થયું હતું. જે મા ૧ભાજપા અને ૩ અપક્ષને ફાળે ગઈ હતી. જ્યારે વોર્ડ ૨નું પરિણામ જાહેર થતાતેમા તમામ ૪બેઠકો કોંગ્રેસ ને ફાળે ગઈ હતી. આજે ૧૧વાગ્યા સુધીમાં ૮બેઠકો ના બે પરિણામો જાહેર થયા હતા જેમા ૮માથી ૧ભાજપા, ૪કોંગ્રેસ અને ૩અપક્ષો ને ફાળે ગઈ હતી. જેમા વોર્ડ ૧ મા મંજૂર ઈલાહી ઈશમાઈલભાઈ મન્સૂરી ને સૌથી વધુ૧૨૨૩(અપક્ષ)મત મળ્યા હતા જ્યારેમંજૂર ઈલાહી યુસુફભાઈ સોલંકી (લાલુ)(અપક્ષ) ને ૧૦૮૭તથા ત્રીજા ક્રમે કાજલબેનરામચંદ્ર કાછીયા ને ૧૦૨૬(ભાજપા) તથા સાબેરા બેન રજાકભઈશેખ ને ૮૫૬(અપક્ષ) ને મત મળ્યા હતા

જ્યારે વોર્ડ ૨ના જાહેર થયેલ પરિણામમા રીચાબેન ભરતભાઈ વસાવા ૧૫૦૮,ઉષાબેન જગદિશ કહાર(કોંગેસ) ને ૧૨૩૪,સુનિલકુમાર ભંગા ભાઈ વસાવા(કોંગેસ)ને ૧૪૮૮મત તથા સુરેશભાઈ માધુ વસાવાને(કોંગેસ)ને ૧૩૬૫મત મળ્યા હતા

જ્યારે વોર્ડ ૩માચાર પૈકી ૩બેઠકો ભાજપ ને ફાળે ગઈ હતી જેમા વૈશાલીબેન પ્રજ્ઞોશ ભાઈ માછી( ૧૧૮૫),તથા મીરાંબેન ભવાની પ્રસાદ કહાર ને ૧૧૨૮મત તથા ભરતભાઈ માધુભાઈ વસાવાને ૧૦૭૧તથા હેમંત ભાઈ નાગજીભાઈ માછીને ૧૧૯૫ મત મળ્યા હતા. જ્યારે વોર્ડ ૪મા ૧૯ઉમેદવાર પૈકી તમામ ચાર ૮બેઠકો ભાજપા ને ફાળે ગઈ હતી જેમા અમિષ વિનોદભાઈ ડબગરને ૯૯૯મત કાજલબેન પંકિલ પટેલને ૧૧૮૮તથા કિઁજલ સંજય તડવીને ૧૧૨૩મત તથા ગિરીરાજસિંહ મહેન્દ્ર સિંહ ખેર ને ૧૨૭૫મત મળતા તમામ બેઠકો ભાજપ ને ફાળે ગઈ હતી વોર્ડ ૫માપરિણામ જાહેર કરતા વનીતાબેન કમલભાઈ ચૌહાણ ને૮૬૮મત મળતાકોંગ્રેસના ઉમેદવાર વિજેતા થયા હતા જ્યારે સામાન્ય બીજી બેઠક ઉપર સાહિલ નૂરબીબી શાહરુખ ખાન પઠાણકોંગ્રેસ ને ૧૦૫૪મત મળ્યા હતા નજ્યારે ત્રીજી બેઠક મહિલા ઉમેદવાર ભાજપના સપના બેન રમેશ ભાઈ વસાવા ભાજપા૮૮૭મત મળતા વિજેતા જાહેર થયા હતા જ્યારે ચોથા ઉમેદવાર પ્રગનેશ રમી અને જયશ્રી બેન સોલંકીવચ્ચે ટાઈ પડી હતી જેમાં બે ઉમેદવારોના મત સરખા હતા તમે ફેર મત ગણતરી કરવામાં આવી હતી અને ત્યારબાદ ચિઠ્ઠીઉઠાડીને પરિણામ જાહેર કરવામાં આવ્યુંજેમા ભાજપા ના પ્રગનેશ મહેન્દ્ર રામીવિજેતા જાહેર થયા હતા.રાજપીપળા નગરપાલિકાનીવોર્ડ નંબર ૬ બેઠક ની તમામ બેઠકો ભાજપને ફાળે ગઈહતી .જેમાંભાજપાના કુલદીપસિંહ અલ્કેશસિંહ ગોહિલ(૧૨૮૦) તેમજ ધર્મિષ્ઠાબેન કમલેશભાઈ



પટેલ(૧૦૬૯) તેમજ નામદેવ ભાઈ અરવિંદભાઈ દવે (૧૧૬૦)તેમજ લીલાબેન સુરેશભાઈ વસાવા (૮૪૨)તમામ ભાજપના ઉમેદવાર વિજેતા થયા હતા

જ્યારેજ્યારે વોર્ડ ૭ માં બે બેઠકો અપક્ષ ને અને બેઠકો ભાજપને ફાળે ગઈ હતી જેમાં જનહિત પેનલના અપક્ષ દંપતી ઉમેદવાર નિલેશકુમાર અટોદરિયા(૧૧૨૬) અને મીનાક્ષીબેન અટોદરિયા(૯૫૯) ઉમેદવાર તરીકે વિજેતા થયા હતા ભાજપના બે ઉમેદવારો અમિષાષાબેન વસાવા(૮૮૯) અને વિરેન્દ્ર સિંહ ગોહિલ(૭૮૬)મત મળ્યા હતા

આમભાજપા ને ૨૮માથી ૧૬ બેઠકોમળતા બહુમતી મળી હતી આજે સવારથીજ મત ગણતરી કેન્દ્ર ખાતે ગેટ બહાર સમર્થકો ના ટોળા ઉમટ્યા હતા જેને કારણે બન્ને બાજુએ ચક્કાજામ ના દ્રશ્યો સર્જાયયા હતા ગેટ બહાર અને અંદર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાયો હતો જ્યારે આજેનાંદોદ તાલુકા માટે રાજપીપલાની છોટુભાઈ પુરાણી વ્યાયામ મહાવિધાલયના સંકુલમાં આનંદ ભવન ખાતે મતગણતરી હાથ ધરાતાં સમર્થકો નો ટોળા જમ્યા હતા ભાજપા ને બહુમતી મળતા ફટાકડા ફોડી ભાજપનું વિજય સરઘસ નીકળ્યુંહતું આ અંગેજિલ્લા પ્રમુખ ઘનશ્યામ પટેલે જણાવ્યુ હતું કે જનતા એ ભાજપા ઉપર વિશ્વાસ મૂક્યો છે એ મતદાતાઓ ની જીત હવેરાજપીપળા નગરનો સર્વાંગીણવિકાસ થશે. વિકાસ ના અધૂરા કામો પૂરા કરિશુ

તસવીર: જ્યોતિ જગતાપ,રાજપીપળા

# અંબાજી ખાતે રાજસ્થાન ભાજપા SC મોરચાના પ્રદેશ મંત્રી સુરેશ સિંદલ અંબાજી આવ્યા



શક્તિ ભક્તિ અને આસ્થાનું ત્રિવેણી સંગમ એવું જગ વિખ્યાત યાત્રાધામ અંબાજી આ ધામ ખાતે દિવસે અને દહાડે અનેક ભક્તો માં અંબે ના દર્શન કરવા અંબાજી આવતા હોય છે સાથે સાથે આ ધામ ખાતે અનેક સમાજ પણ મોટો ફેલાવો ધરાવે છે ત્યારે રાજસ્થાની સરગરા સમાજ એ પણ અંબાજી ખાતે મોટો ફેલાવો ધરાવતી હોય છે ત્યારે સરગરા સમાજના અગ્રણી અને રાજસ્થાન ભાજપ એસસી મોરચાના પ્રદેશ મંત્રી અને પૂર્વ નગરપાલિકા ચેરમેન આબુરોડ ના સુરેશ સિંદલ અંબાજી માં અંબાના દર્શનાર્થે આવી પહોંચ્યા હતા અંબાજી મંદિરમાં દર્શન કરી અને સરગરા સમાજ ના લોકો સાથે પરિચય બેઠક નું પણ આયોજન કરવામાં આવ્યું હતું અંબાજી ની સરગરા સમાજ સંઘર્ષ સમિતિ દ્વારા બેઠક વ્યવસ્થા કરવામાં આવી હતી સાથે સાથે સરગરા સમાજ સંઘર્ષ સમિતિ સહિત અંબાજી સરગરા સમાજના અગ્રણીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા અને હાલમાં સુરેશ સિંદલને રાજસ્થાન પ્રદેશ ભાજપા એસી મોરચામાં મંત્રી પદ પર પણ નિમણૂક કર્યા છે ત્યારે આ મંત્રી પદ પર નિમણૂક થતાં સમગ્ર સમાજમાં ખુશી અને આનંદનો માહોલ છવાયો છે ત્યારે આજે સુરેશ સિંદલ અંબાજી પહોંચ્યા હતા ત્યારે સરગરા સમાજ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું સરગરા સમાજ સંઘર્ષ સમિતિના પ્રમુખ રિતિક સરગરા ,મહામંત્રી બહાદુરભાઈ સરગરા, મંત્રી વિષ્ણુ સરગરા, કોષાધ્યક્ષ જીગર સરગરા ,ઉપસ્થિત રહ્યા હતા જયારે સરગરા સમાજ ના અગ્રણી તરીકે મોહનભાઈ સરગરા, જગદીશ ભાઈ સરગરા, સુરેશભાઈ સરગરા, સહિત સમાજના આગેવાન ઉપસ્થિત રહ્યા હતા ત્યારે અંબાજી ભાજપ મંડળના મહિલા ઉપપ્રમુખ શારદાબેન સરગરા પણ ઉપસ્થિત રહી અને સુરેશ સરગરા ને ખેસ પહેરાવી અને સન્માન કર્યું હતું ત્યારે સમાજ શિક્ષિત દિશામાં આગળ વધે તે વિષયને લઈને પણ સમાજ ના અગ્રણીઓએ ચર્ચા કરી હતી..

અહેવાલ:- રિતિક સરગરા,અંબાજી

**સોશિયલ ડિસ્ટન્ટના ધજાગરા ઉડ્યા**

# સોશિયલ ડિસ્ટન્ટના ધજાગરા ઉડ્યા રાજપીપળા ખાતે મતદાન કેન્દ્રોની બહાર સમર્થકો ના ટોળા ઉમટ્યા

રાજપીપળા, તા ૨

આજે રાજપીપળા નગરપાલિકાની અને તાલુકા તથા જિલ્લા પંચાયતની ચૂંટણી યોજાઈ હતી. ત્યારે રાજપીપળા ખાતેમત ગણતરી કેન્દ્ર છોટુભાઈ પુરાણી વ્યાયામ મહાવિદ્યાલય અને આદર્શ નિવાસી શાળા ખાતે મત ગણતરી હાથ ધરાઈ હતી. ત્યારે ખાસ કરીને રાજકીય ઉમેદવારના સમર્થકોના ટોળેટોળા મતગણતરી કેન્દ્રની બહાર ઉમટ્યાહતા .ત્યારે રીતસરના સોશિયલ ડિસ્ટન્ટના ધજાગરા ઉડ્યા હતા. વિજય સરઘસમાં પણ સોશિયલ ડિસ્ટન્ટ જોવા મળ્યું ન હતું.મોટા ભાગના લોકોએ માસ્ક પણ પહેર્યા ન હતા



.અને મતગણતરી કેન્દ્રની અંદર પણ સોશિયલ ડિસ્ટન્ટસ જોવા મળ્યું ન હતું. મોટી સંખ્યામાં સમર્થકોની ભીડ ઉમટી હોવાને કારણે કોરોના સંક્રમણની ભીતિ પણ સેવાઈ હતી.જોકે આજે નર્મદા જિલ્લામાં એક પણ પોઝિટિવ કેસ નોંધાયો ન હતો એક રાહતના સમાચાર હતા

તસવીર: જ્યોતિ જગતાપ ,રાજપીપળા

# અરવલ્લી જીલ્લામાં ભાજપનો દબદબો,કોંગ્રેસના સૂપડા સાફ

અરવલ્લી બ્યુરો મોડાસા

સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં ભાજપના સુનામી સામે કોંગ્રેસના અસ્તીત્વ સામે સવાલ પેદા થયા છે અરવલ્લીમાં જીલ્લા પંચાયત અને ૬ તાલુકા પંચાયતની ચૂંટણીમાં ભાજપનો ભગવો લહેરાયો છે જયારે કોંગ્રેસનો કરૂણ રકાસ થયો છે અરવલ્લી જીલ્લા પંચાયતમાં અને તાલુકા પંચાયતમાં કોંગ્રેસ પાસેથી ભાજપે સત્તા આંચકી લીધી છે અરવલ્લી જીલ્લા પંચાયતમાં અને ૬ તાલુકા પંચાયતમાં પુનરાવર્તન ના બદલે પરિવર્તન જોવા મળ્યું હતું કોંગ્રેસ પક્ષે ઈવીએમમાં છબરડો કરી ભાજપ જીત્યું હોવાના આક્ષેપ સાથે ધરણા કર્યા હતા . સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં પંજા પર ભાજપનું રોલર કોસ્ટર ફરી વળ્યું હોય તેમ ભાજપનો ભવ્ય વીજય થયો હતો જીલ્લા પંચાયતની ૩૦ બેઠકોમાંથી ૨૫ બેઠક પર ભાજપનો ભવ્ય વિજય થયો હતો ગત ટર્મમાં પાટીદાર આંદોલનની અસરના પગલે ૨૧ બેઠકો પર વિજય પ્રાપ્ત કરનાર કોંગ્રેસ ૫ બેઠકોમાં સમેટાઈ ગઈ હતી જીલ્લા પંચાયતમાં ભાજપે કોંગ્રેસ પાસેથી સત્તા આંચકી લેતા કોંગ્રેસમાં સન્નાટો છવાયો હતો

મોડાસા તાલુકા પંચાયતમાં ૨૨ સીટ માંથી ભાજપ-૨૨,કોંગ્રેસ-૨ અને આમ આદમી પાર્ટી અને અન્યનો એક એક બેઠક પર વિજય થયો હતો મેઘરજ તાલુકા પંચાયતની ૨૨ સીટ માંથી ભાજપ-૧૪,કોંગ્રેસ-૭ અને અન્ય ઉમેદવાર એક બેઠક પર જીત મેળવી હતી ધનસુરા તાલુકા પંચાયતમાં ૧૮ બેઠકમાંથી ભાજપ-૧૬ અને કોંગ્રેસ બે બેઠક કબ્જે કરી હતી માલપુર તાલુકા પંચાયતની ૧૬ બેઠકમાંથી ભાજપ-૧૫ બેઠક પર અને એક બેઠક પર અપક્ષ ઉમેદવાર વિજેતા બન્યો હતો માલપુર તાલુકા પંચાયતમાં કોંગ્રેસ ખાતું પણ ખોલવી શકી નથી બાયડ તાલુકા પંચાયતમાં ૨૪ બેઠકોમાંથી ભાજપે ૨૧ બેઠકો પર ભવ્ય વિજય મેળવ્યો હતો કોંગ્રેસ ત્રણ બેઠક પર જીત મેળવી હતી જ્યારે ભિલોડા તાલુકા પંચાયતની ૨૬ બેઠકો માંથી ભાજપ -૧૪ ,કોંગ્રેસ-૧૧ અને અન્યને એક બેઠક મળી હતી

**મોડાસા નગરપાલિકામાં ભગવો લહેરાયો,ભવ્ય રેલી**

# મોડાસા નગરપાલિકામાં AIMIMની ધમાકેદાર એન્ટ્રી,વિરોધ પક્ષની ભૂમિકામાં

અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લામાં સ્થાનીક સ્વરાજયની જીલ્લા પંચાયત, ૬ તાલુકા પંચાયત અને મોડાસા તેમજ બાયડ નગરપાલિકાની ૨૮ ફેબ્રુઆરીએ યોજાયેલ ચૂંટણી બાદ મંગળવારે ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે મત ગણતરી યોજાઈ હતી જેમાં અરવલ્લી જિલ્લામાં ભાજપનો ભગવો લહેરાયો છે. જિલ્લા પંચાયતમાં કોંગ્રેસે સત્તા ગુમાવી છે. તો માલપુર, મોડાસા તાલુકા પંચાયત પણ ભાજપ ફાળે ગઈ છે. જ્યારે મોડાસા અને બાયડ નગર પાલિકામાં પણ ભગવો લહેરાયો હતો મોડાસા નગરપાલિકામાં AIMIMને ૯ બેઠકો મળી કોંગ્રેસ પાસેથી વિરોધપક્ષનું પદ પણ છીનવું લીધું છે કોંગ્રેસે ૮ બેઠકો મેળવી રહીસહી આબરૂ બચાવી લીધી હતી મોડાસા નગરપાલિકામાં વોર્ડ.નં-૪ માં અપક્ષ ઉમેદવાર ભરત કડિયાએ ભાજપને હંફાવ્યું હતું અને ૮ મતે ભાજપના ઉમેદવાર માંડ માંડ જીતી શક્યા હતા મોડાસા અને બાયડમાં ભાજપનો ભગવો લહેરાતા ભવ્ય વિજય સરઘસ નીકળ્યું હતું મોડાસા ભાજપના વિજેતા ઉમેદવારો અને ટેકેદારો ગરબે ઘૂમી વિજયોત્સવ મનાવ્યો હતો



મોડાસા નગરપાલિકા પર ભાજપનો દબદબો યથાવત જોવા મળી રહ્યો છે.નગરપાલિકામાં સ્પષ્ટ બહુમતી સાથે ભાજપે સત્તા જાળવી રાખી છે. જો કે વોર્ડ નંબર ૫માં ભાજપની પેનલ તૂટી છે. વોર્ડ નંબર ૫માં કોંગ્રેસના ઉમેદવારે ખાતું ખોલાવતા ભાજપના ૩ અને કોંગ્રેસના ૧ ઉમેદવારે જીત મેળવી છે. વોર્ડ નંબર ૧ થી ૪માં ભાજપની પેનલ વિજેતા બની છે. પાલિકામાં ભાજપને કુલ ૧૯ બેઠકો મળી છે, બહુમતી માટેનો જાદુઈ આંકડો ભાજપે હાંસલ કરી છે. ભારતીય જનતા પાર્ટી છેલ્લા ૨૫ વર્ષથી નગરપાલિકા પર સત્તા પર છે ત્યારે આ વર્ષે પણ ફરીથી સત્તામાં બેસશે. ભાજપને કુલ ૧૯ બેઠકો મળતા પાર્ટીમાં ખુશીની લહેર જોવા મળી રહી છે.મોડાસા શહેરમાં ભવ્ય વિજયોત્સવ મનાવ્યો હતો અને ભવ્ય રેલી યોજાઈ હતી બાયડમાં પણ ભાજપે કોંગ્રેસના સૂપડા સાફ કરી ભવ્ય વિજય મેળવ્યો હતો મોડાસા નગરપાલિકામાં કોંગ્રેસની નબળી નેતાગીરી અને ટીકીટ વહેંચણીમાં ઉમેદવારોની પસંદગીમાં વ્હલા-દવાલાની નીતિના લીધે વિપક્ષ પદ પણ ગુમાવવું પડ્યું હતું મોડાસા પાલિકાની ચૂંટણીમાં ઓવૈસીની પાર્ટી AIMIMનું શાનદાર પ્રદર્શન કર્યું હતું કોંગ્રેસને આ વખતે પણ નિરાશા હાથ લાગી છે. મોડાસામાં અસદુદ્દીન ઓવૈસીની પાર્ટી ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈતેહાદ-ઉલ-મસ્લિમીન (AIMIM)એ આશ્ચર્યજનક પ્રદર્શન કરી તમામને મંત્રમુગ્ધ કરી મૂક્યા છે.

**રાજપીપળા નગરપાલિકાની ચૂંટણીમા કૌન હારા કૌન જીતા?**

# રાજપીપળા નગરપાલિકાની ચૂંટણીના અણધાર્યા પરિણામો આવ્યા,અપક્ષો અને જનહિત પેનલને પણ જાકારો

રજપીપલા તાર

રાજપીપળા નગરપાલિકાની ચૂંટણીના અણધાર્યા પરિણામો આવ્યા હતા. જીતનારા હાર્યા હતાઅને હાર ની શક્યતા વાળા જીત્યાહતા. વોર્ડ નંબર૧ એકમાં કાછીયા બંધુઓ મહેશ સુરેશ કાછીયા અનેમહેશ હીરાભાઈ કાછિયાબન્ને પૂર્વ કોર્પો રેટરો ભાજપની બેઠક પરથી હારી ગયા હતા.જ્યારે આ વોર્ડ માંથીલઘુમતી ઉમેદવારો મેદાનમારી ગયા હતા જેમાં પાલિકાના ભૂતપૂર્વ ઉપપ્રમુખયુસુફ સોલંકીના દિકરા મયુર સોલંકી તરીકે પેરાબેન રજાકભાઈ શેખ ઉમેદવાર તરીકે જીત્યા હતા .ત્રીજા ઉમેદવાર ઈસ્માઈલભાઈ ઉસ્માન ગનીમન્સૂરી ઉમેદવાર જીત્યા હતા વોર્ડ નંબર એકમાં પહેલીવાર બીજેપી આ બેઠકો ગુમાવી માત્રએક બેઠકથીસંતોષ મેળવવા પડ્યો હતો .આવોર્ડ માં ત્રણ બેઠકોપર લઘુમતી ઉમેદવાર મેદાન મારી ગયા હતા. જ્યારે વોર્ડ નંબર ૨ની ચાર-ચાર બેઠકો ભાજપે ગુમાવી હતી .આ ચારે ચાર બેઠકો કોંગ્રેસને ફાળે ગઈ હતી .તેમાં ભૂતપૂર્વ નગરપાલિકાના પ્રમુખ ભરતભાઇ વસાવા ની પુત્રી તેમજ તેમના ભાઈ ભારતના ચાર ઉમેદવારો મેદાનમાં આવીમારી ગયા હતા જ્યારે ભરતભાઈ વસાવા પોતે ભૂતપૂર્વ પ્રમુખ વોર્ડનંબર ત્રણમાંથી ઉમેદવાર તરીકે વિજેતા થયા હતા બાકીની ત્રણ બેઠકો ભાજપાને ફાળી ગઈ હતી

આવોર્ડ માં પૂર્વ કોર્પોરેટરો ઈલમુદ્દિન બક્ષી ,કવિતાતાબેન માછી ,પૂર્વ પ્રમુખમહેશભાઈ શરાધ વસાવા હારી ગયા હતા. જ્યારેવોર્ડ નંબર ચાર માં તમામ ચાર બેઠકો ભાજપના ફાળે ગઈ હતી જેમાં ભાજપમાંથી બળવો કરીને એમાંથી સસ્પેન્ડ થયેલા આ વખતે અપક્ષ ઉમેદવારી કરનાર કોર્પોરેટર દત્તાગાંધી હારી ગયા હતા .જ્યારે વોર્ડ નંબર ૫ કોંગ્રેસના વિરોધ પક્ષના નેત મુંતઝીર શેખ હારી ગયા હતા જ્યારે જીતી શકે એવા સારા ઉમેદવાર કહી શકાય એવા વિજયભાઈ રામી ચૂંટણી હારી ગયા હતા વોર્ડ નંબર છ માં તમામ બેઠકો ભાજપને ફાળે ગઈ હતી .જેમાપૂર્વ કોર્પોરેટર કોંગ્રેસના સુમિત્રાબેન રાજેન્દ્રસિંહ રાઉલ હારી ગયા હતા વોર્ડ ૬મા ત્રીજી પેઢીના દાદા, પિતા પછી પુત્ર તરીકે ચૂંટણી જીતનાર પૂર્વપ્રમુખ અલ્કેશ ગોહિલ નાસુપુત્ર કૂલ દીપ ગોહિલ ભાજપા માથી ચૂંટણી જીતીગયા હતા જ્યારે વોર્ડ ૭મથી જનહિતપેનલ ના દંપતીઉમેદવાર નીલેશ આટોદરિયા અને મીનાક્ષીબેનઆટોદરિયા અપક્ષ ચૂંટણી જીત્યા જ્યારે ગત વખત ના ભાજપા ના પૂર્વ કોર્પોરેટરઆ વખતે અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી હારી ગયા હતા

રીપોર્ટ :જ્યોતિ જગતાપરાજપીપળા

**અરવલ્લી જિલ્લામાં 'ઝાડુ'ની એન્ટ્રી**

# મોડાસા તાલુકા પંચાયત ટીંટોઈ-૨ સીટ પર આમ આદમી પાર્ટીના રાહુલ સોલંકીનો ભવ્ય વિજય

અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લામાં સ્થાનીક સ્વરાજયની ચૂંટણીમાં જીલ્લા પંચાયત,૬ તાલુકા પાંચાયત અને મોડાસા-બાયડ નગરપાલિકાની ચૂંટણીઓમાં ભાજપનો ભવ્ય વિજય થયો છે ત્યારે જીલ્લાના રાજકારણમાં AIMIM અને આમ આદમી પાર્ટી પણ એન્ટ્રી થઈ છે મોડાસા નાગરપાલિકામાં AIMIM એ કોંગ્રેસમાં ગાબડું પાડી વિરોધ પક્ષનું સ્થાન છીનવી લીધું છે ત્યારે આમ આદમી પાર્ટીએ પણ ખાતું ખોલાવ્યું છે મોડાસા તાલુકા પંચાયતની ટીંટોઈ -૨ સીટ પર આમ આદમી પાર્ટીના યુવાન ઉમેદવાર રાહુલ સોલંકીનો ૧૬ મતથી ભવ્ય વિજય થતા આમ આદમી પાર્ટીમાં ભારે ઉતસાહનો માહોલ જોવા મળી રહ્યો છે

અરવલ્લી જીલ્લામાં ભાજપની સુનામી સામે મોડાસા તાલુકા પંચાયતની ટીંટોઈ-૨ બેઠક પર આમ આદમી પાર્ટીના નવ યુવાન ઉમેદવાર અને ૧૦૮ ના હુલામણા નામથી જાણીતા રાહુલ કચરા ભાઈ સોલંકીનો ભવ્ય વિજય થતા ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારોમાં ભારે સન્નાટો જોવા મળ્યો હતો આમ આદમી પાર્ટીના ઉમેદવારનો વિજય થતા ભાજપ અને કોંગ્રેસ પક્ષના અગ્રણીઓ પણ ચોકી ઉઠ્યા હતા આમ આદમી પાર્ટીના ઉમેદવાર રાહુલ સોલંકી ૧૬ મત થી વિજેતા જાહેર થતાની સાથે તેમના ટેકેદારો વિજયોત્સવ મનાવવાની શરૂ કરી દીધું હતું આમ આદમી પાર્ટીના વિજેતા ઉમેદવાર રાહુલ સોલંકીએ તેમના મત વિસ્તારમાં ઝડપથી વિકાસના કામો થાય અને તેમના મત વિસ્તારમાં પ્રજાલક્ષી કાર્યો માટે હંમેશા પ્રયત્નશીલ રહેશે તેમજ તેમના મત વિસ્તારના લોકોની મદદ માટે કે કોઈ પણ સમસ્યા માટે ૨૪ કલાક તેમના ઘરના દરવાજા ખુલ્લા હોવાનું જણાવ્યું હતું અને સામાન્ય સીટ પરથી વિજય બનાવવા મતદારોનો આભાર વ્યક્ત કર્યો હતો

**કોંગ્રસ ધારાસભ્યોના પુત્રોની કારમી હાર**

# ખેડબ્રહ્માના ધારાસભ્ય અશ્વીન કોટવાલ અને ભિલોડા ધારાસભ્ય અનીલ જોષીયારાના પુત્ર હાર્યા

અરવલ્લી બ્યુરો મોડાસા

સ્થાનીક સ્વરાજયની ચૂંટણીમાં કોંગ્રેસનો ભારે રકાસ થયો છે ત્યારે ભાજપની લહેરમાં કોંગ્રેસના ધારાસભ્યના પુત્રોની પણ કારમી હાર સહન કરવાનો વારો આવ્યો છે વિજયનગર તાલુકા પંચાયત પૂર્વ પ્રમુખ અને ચિતરીયા બેઠક પરથી જંપલાવનાર યશ કોટવાલની હાર થઈ હતી કોંગ્રેસના ગઢમાં ભાજપે ભંગાણ સર્જ્યું છે બીજીબાજુ વર્ષોથી કોંગ્રેસનો દબદબો ધરાવતી ભિલોડા તાલુકાની ઉપસલ બેઠક પર ભિલોડાના ધારાસભ્ય ડૉ.અનીલ જોષીયારાના પુત્ર કેવલ જોષીયારાની કારમી હાર થતા કોંગ્રેસની આબરૂનું ધોવાણ થયું હોય તેવી સ્થિતી જોવા મળી રહી છે

સ્થાનીક સ્વરાજયની ચૂંટણીમાં કોંગ્રેસના દબદબો ધરાવતા વિસ્તારોમાં અને સ્થાનીક કોંગ્રેસના ધારાસભ્યોના પુત્રો પણ ભાજપની સુનામી માં કારમી હાર સહન કરવાનો વારો આવ્યો છે બને બેઠક પર ધારાસભ્યોના પુત્રો અને ધારાસભ્યોનો જીતવાનો વધુ પડતો આત્મવિશ્વાસ નડી ગયો હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CYMK